Barcode - 99999990876685
Title - Hazrat Ali A. S. Ni Hadiso
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 117
Publication Year - 1940
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

गुजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती [illegible] विभाग ]

अनुक्रमांक 22593 विभाग

ग्रंथनाम ઉત્તરા આના સ.રાના પદીસો

वर्गांक ५७२:२६

# હઝરત અલી અ૦સ૦ ની
# હદીસો

પ્રકાશક :
શ્રી હબીબ ઇસ્માઇલ મેમોરીયલ ટ્રસ્ટ.
પાયધોની મુંબઇ ૩.

આવૃત્તિ પહેલી  ૧૯૪૦  પ્રત ૫૦૦૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૨૨૬૨૩

મુદ્રક :

**હરજી લવજી દામાણી**

મુદ્રણસ્થાન :

**બે ઘડી મોજ આર્ટ પ્રેસ**

૧૨-૧૪, બેક હાઉસ લેન,

કોટ ........ ....... **મુંબઈ**

# બે બોલ

નવસારીવાળા પીરઝાદા સૈયદ સદરૂદ્દીન એચ. દરગાહવાળાએ હઝરત અલી અ૦ સ૦ ની ૭૭૫૦ હદીસોના અરબીમાંથી ગુજરાતીમાં તરજુમો કરી **"હઝરત અલી અ૦સ૦ ના બોધવચનો"** નામે પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. એ હદીસો ઘણી જ ઉપયોગી હોવાથી એમાંથી ૬૩૪ નસીહતો ચૂંટી પ્રગટ કરવાને અમે ભાગ્યશાળી થયા છીએ.

હઝરત અલી અ૦ સ૦ ના ઈલ્મ માટે બે મત છેજ નહિ, હ૦ રસુલે અકરમની હદીસ છે "હું ઈલ્મનું શેહર છું અને અલી તેનો દરવાજો છે." શેહરમાં દાખલ થવું હોય તો દરવાજામાંથી જ થવાય છે.

અમને આશા છે કે આ નાની કિતાબ વાંચનારને જીંદગીના સાથી તરીકે અતિ ઉપયોગી થઈ પડશે.

લી. **હબીબ ઈસ્માઈલ મેમોરીયલ ટ્રસ્ટના**

**ટ્રસ્ટીઓ**

# સાંકળિયું


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સફળતાના સિદ્ધાંતો | ૧ |
| બુદ્ધિ | ૬ |
| હુશિયારી | ૮ |
| મૂર્ખાઈ | ૧૦ |
| જવાંમર્દી | ૧૨ |
| બીકણપણું | ૧૪ |
| તંદુરસ્તી | ૧૬ |
| ક્ષમા | ૧૮ |
| વાયદો પૂરો કરવો | ૨૦ |
| નાદાની | ૨૧ |
| સત્ય | ૨૩ |
| અસત્ય | ૨૫ |
| સારમાણસાઈ | ૨૬ |
| નઠારાપણું | ૨૯ |
| ઉદારતા | ૩૨ |
| લોભ | ૩૩ |
| સંપ | ૩૬ |
| કુસંપ | ૩૭ |
| સદ્‌ગુણ | ૩૮ |
| દુર્ગુણ | ૪૧ |
| વખાણ | ૪૪ |
| નિંદા | ૪૬ |
| વિદ્યા | ૪૭ |
| અજ્ઞાનતા | ૪૯ |
| નમ્રતા | ૫૦ |
| અહંકાર | ૫૨ |
| દોસ્તી | ૫૪ |
| દુશ્મનાઈ | ૫૭ |
| સખાવત | ૫૯ |
| સંતોષ | ૬૨ |
| ધૈર્ય | ૬૪ |
| ઉતાવળ | ૬૬ |
| યતીમ | ૬૭ |
| ઈમાન | ૬૮ |
| નાસ્તિક | ૭૦ |
| કુરાન | ૭૧ |
| ભક્તિ | ૭૩ |
| ધર્મ | ૭૮ |
| ઉપકાર | ૮૦ |
| ન્યાય | ૮૩ |
| ધન અને ગરીબી | ૮૪ |
| દેવું | ૮૭ |
| શિખામણ | ૮૮ |
| આલે રસુલ | ૯૩ |

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# હઝરત અલી અ૦ સ૦ ની હદીસો

## સફળતાનાં સિધ્ધાન્તો

૧ ચુપ રહેવું એ મૂક્તિનું કારણ છે.

૨ નીતિ નમ્રતાનું પરિણામ છે. અને સભ્યતા વિદ્યાનું ફળ છે.

૩ શરમ બધી ખુબીઓની કુંચી છે ને નિર્લજપણું બુરાઇની નિશાની છે.

૪ નિચતા કરતા મરણ ઉત્તમ છે.

૫ ખુદાની મરજી પર રહેવાથી શોક દૂર થાય છે.

૬ દુનિયાથી રાજી થવું એ મોટામાં મોટી ભૂલ છે, અને આ નાશવંત ઘર ઉપર અહંકાર કરવો એ પૂરી મૂર્ખાઇ છે.

૭ મનની ઇચ્છાઓ એ શેતાની જાળ છે.

૮ શિખામણ લેવાની દ્રષ્ટિએ જોવું એ પોતાના હકમાં એક હિતેચ્છુ ઉપદેશકનું કામ કરે છે. સેવા એ લાભદાયક વેપાર છે.

૯ ખુદાની યાદ એ શિખામણનો પ્રકાશ છે ને તેને ભૂલી જવું એ ભટકી જવાની બરાબર છે.

૧૦ જે દુનિયાથી સંબંધ ધરાવે છે તે ખુદાથી પોતાનો સંબંધ તોડે છે. જે આશાઓ ઉપર ગર્વ કરે છે તે ભૂલમાં પડે છે.

૧૧ દગો અથવા માલ ઉચાપત કરવો એ નેકીઓનો નાશ કરે છે. અને વાયદો ન પાળવાથી ગુનાહો વધે છે.

૧૨ ખુદાના હુકમ ન માનવાથી દુઆ કબુલ થતી નથી.

૧૩ તોબાથી ખુદાની રહમત ઉતરે છે ને ગુનાહ ઉપર કાયમ રહેવાથી અવકૃપા ઉતરે છે.

૧૪ સલાહથી કામ કરનાર વિજયની અણી પર, ને પોતાના મત પ્રમાણે જ કામ કરનાર દુઃખના કિનારા પર ઉભો છે.

૧૫ જે માણસ પોતાને જોખમમાં નાખે છે તેને સારી વસ્તુઓ મળે છે.

૧૬ ખુદાની ઇબાદત મૂક્તિનો મજબુત આધાર છે.

૧૭ જે બીજા લોકોનો બોજો ઉપાડે છે તે સરદાર છે. જે બીજાને માટે પોતાની વસ્તુઓ ખરચે છે તે સરદાર છે.

૧૮ ચૂપ રહે, કેમ કે એનો ઓછામાં ઓછો નફો નિર્ભયતા છે અને લવલવાટ કરવાથી બચતો રહે, કેમકે એમાં નાનામાં નાનું નુકસાન અપમાન છે.

૧૯ બધાંઓની સાથે નેકી કર.

૨૦ ખુદાની પાસેથી બહોળી આજીવિકા એવી રીતે માંગો કે તેની આપેલી દોલત તેના રસ્તામાં ખરચ કરો, તે તમને વધારે આપશે.

૨૧ બની શકે ત્યાં સુધી ભલાઇ કરો કેમકે નેકી કરનાર લોકો સર્વોત્તમ છે.

૨૨ ખરી રીતે તોબા કરવાથી ગુનાહો મટી જાય છે ને પશ્ચાતાપ કરવાથી બુરાઇઓ નાશ પામે છે.

૨૩ જે માણસ પ્રભાવશીલ હોય છે તે લોકોનો સેવક હોય છે.

૨૪ જે માણસ આખેરતનો ભય રાખે છે અથવા દુનિયાની કોઈ ઇચ્છા જતી રહેવાથી ડરે છે તે પ્રભાત પહેલાં ઉઠીને અંધારામાં જ પોતાના કામનો આરંભ કરે છે.

૨૫ જે માણસ સુસ્તી કરે છે તે પાછળ રહી જાય છે.

૨૬ જે માણસ દુનિયા માગે છે તેના હાથમાંથી દુનિયા નિકળી જાય છે ને જો તેની માગણી છોડીને બેસે છે તો દુનિયા તેને ખોળવા માટે દોડાદોડ કરી મૂકે છે.

૨૭ જે માણસ પોતાની ઇચ્છાથી વિરૂધ્ધ કરે છે ને તેની સાથે દુશ્મની રાખે છે તો ખુદા તેની સાથે પ્યાર ને મહોબત રાખે છે.

૨૮ જે માણસ બેપરવાઇથી કામ કરે છે તે સંકટ ઉઠાવે છે.

૨૯ જે માણસ ઝડપથી ચાલે છે તેને બપોરે આરામ લેવાનો વખત મળે છે.

૩૦ જે માણસ દુનિયાની ફીકર છોડી દે છે તો દુનિયા એની મેળે લજવાઈ ને તેની પાસે આવી જાય છે.

૩૧ જે માણસ પોતાના ધણી ઉપર ભરોસો રાખે છે તેની મદદ ખુદા અવશ્ય કરે છે ને જે લાલચુ હોય છે તે જરૂર અપમાન પામે છે.

૩૨ જે માણસ પોતાના મન સાથે મુકાબલો નથી કરતો તે કદિ વિજય મેળવી શકતો નથી.

૩૩ જે માણસ સુસ્તી કરે છે તે પોતાના ઘણાક હકો ખોઇ નાખે છે.

૩૪ જે માણસ અનાવશ્યક કામોમાં ગુંથાએલો રહે છે તે અગત્યનાં કામોને ખોઈ બેસે છે.

૩૫ જે માણસ પોતાના કામની વ્યવસ્થા પોતે કરતો નથી ને આળસુ થઈ બેસી રહે છે તેને મુશ્કીબતો ભોગવવી પડે છે ને તે આવીને તેને ઉડાડી દે છે.

૩૬ જે માણસ પોતાના જરૂરનાં કામો પીઠ પાછળ નાખી દે છે તે નકામા કામોમાં ગુંથાઈ જાય છે.

૩૭ જે માણસ લોકોનાં કામો સારી રીતે કરી આપે છે તે હકુમત ને સરદારીનો હકદાર થાય છે.

૩૮ જે માણસ રાત્રે વધારે સુઈ રહે છે તેનાં એટલાં બધાં કામ મુલ્તવી રાખવાં પડે છે કે જેની ખોટ દિવસમાં પુરી થઈ શકતી નથી.

૩૯ જે માણસ "હું નથી જાણતો" એવું કહેવાનું છોડી દે છે તેની સાથે મુકાબલો કરનાર તેનાથી હારી જાય છે.

૪૦ જે માણસ પોતાના આખેરતનાં કામોને સુધારે છે તેનાં દુનિયાનાં કામ ખુદા સુધારે છે.

૪૧ જે માણસ આખેરતને માટે કામ કરતો નથી તેનાં મનની ઇચ્છાઓ કદી પુરી થતી નથી.

૪૨ જે માણસ પોતાનાં સરસામાન તરફથી નિશ્ચિંત રહે છે તેનો સરસામાન જતો રહે છે.

૪૩ જે માણસ દુનિયાની સેવા કરે છે તેને દુનિયા પોતાનો સેવક બનાવી દે છે ને જે માણસ ખુદાની સેવા કરે છે દુનિયા તેની સેવિકા થઈ જાય છે.

૪૪ જે માણસ હરામ કામોથી બચે છે તે જન્નત મેળવે છે.

૪૫ વચલો માર્ગ પકડીએ તો નાશની બીક નથી.

૪૬ નીચે લખેલી ચાર બાબતો માણસની પડતીની નિશાની છે.

(૧) અવ્યવસ્થા (૨) નકામું ઉડાઉપણું (૩) દરેકની ઉપર અવિશ્વાસ (૪) લોકોનાં કપટમાં ફસાઈ જવું.

૪૭ નીચે લખેલી ચાર વસ્તુઓ રાજની પડતી ને નાશની નિશાની છે. (૧) મૂળતત્ત્વોનો વિચાર ન રાખવો (૨) ડાળાં પાંખડાંની પાછળ પડવું (૩) નીચની પદવીઓમાં વધારો કરવો. (૪) કુલીન લોકોનો દરજ્જો ઘટાડવો.

## બુદ્ધિ

૪૮ લાચારીનું કારણ દર્શાવવું એ બુદ્ધિશાળીની નિશાની છે, ને નમ્રતા એ ગૃહસ્થાઇનું સરનામું છે અને ક્ષમા એ મોટાઇની નિશાની છે.

૪૯ બુદ્ધિશાળી સંપૂર્ણતા ઇચ્છે છે ને નાદાન ધન ખોળે છે.

૫૦ ઇચ્છાઓને તાબે થવું એ બુદ્ધિને માટે આફત છે અને અહંકાર એ મોટામાં મોટી ભૂલ છે.

૫૧ વિચારથી બુદ્ધિ ખીલે છે ને શિખામણ લેવાથી ગુન્હાઓથી બચી શકાય છે.

૫૨ બુદ્ધિ એવી ઉત્તમ સજ્જનતા છે જે કદી જુની થતી નથી.

૫૩ જે પોતાની જીભ બંધ રાખે છે તે બુદ્ધિમાન છે.

૫૪ સંપૂર્ણ બુધ્ધિશાળી તે છે જે ખુદાની યાદ વિના બીજી બધી બાબતો તરફથી પોતાની જીભ બંધ રાખે છે.

૫૫ જો ચુપ રહેશે તો ખુદાની કુદરતના વિચારમાં હશે, જ્યારે બોલશે ત્યારે ખુદાને યાદ કરતો હશે, અને જ્યારે આંખ ઉઘાડીને જોશે તો શિખામણ લેતો હશે એવો માણસ બુધ્ધિશાળી જાણવો.

૫૬ જો તું તારી જીભને કાબુમાં રાખીશ તો મૂકિત મેળવીશ ને જો તેને કાબુમાં નહિં રાખે તો માર ખાઇશ ને હેરાન થઇશ.

૫૭ જે માણસ ખુદાની બક્ષિસો પ્રાપ્ત કરે છે તે લોકોના ઉપર ઉપકાર કરે છે ને જે માણસને ખુદાએ બુધ્ધિ આપી છે તે લોકોની ભૂલો ને કસુરો ક્ષમા કરે છે.

૫૮ જે માણસ પોતાના સદા રહેવાના ઘર (આખેરત) ને આબાદ કરે છે તે પુરો અકલમંદ છે.

૫૯ જે માણસની તબીઅતમાં મશ્કરી કરવાની ટેવ પડી જાય છે તેની બુધ્ધિ પણ ખરાબ થઇ જાય છે.

૬૦ જે માણસ કોઇની ઠઠ્ઠા મશ્કરી કરે છે તેની બુધ્ધિ ઘટી જાય છે.

૬૧ કામવાસનાની સાથે બુદ્ધિનું નામ નથી.

૬૨ પેટ ભરીને ખાવું ને બુદ્ધિશાળી બનવું એ બને નહિ.

૬૩ બુદ્ધિથી વધારે લાભદાયી કોઇ દોલત નથી અને અજ્ઞાનતાથી વધારે કોઇ મોહતાજી ને કષ્ટ નથી.

## હુશિયારી

૬૪ બુદ્ધિશાળી માણસ પોતાને હલકો ગણે છે તેમ તેને મોટાઈ મળે છે ને નાદાન પોતાને મોટો ગણે છે તો તેની હલકાઈ થાય છે.

૬૫ નશીબ એવી વસ્તુ છે કે ગમે તેટલી હુશીઆરીથી કામ કરનારની કોશિશો ઉપર તે ફત્તેહ પામે છે.

૬૬ ઘણો વિચાર કરવાથી હુશીઆરી આવે છે. બડાઈ સારી બુદ્ધિને પણ બગાડે છે.

૬૭ જે પોતાનું કામ જાળવી રાખે તે બુદ્ધિશાળી છે ને જે સ્વમાન જાળવતો નથી તે મુર્ખ છે.

૬૮ મૂર્ખની સામે ચુપ રહેવું એ એનો ઉત્તમ જવાબ છે.

૬૯ જે પોતાની ઇચ્છાઓ મટાડી દે છે તે દાનો છે ને જે પોતાના મોજ શોખનો નાશ કરે તે બળવાન છે.

૭૦ બુદ્ધિશાળી તે છે જે અન્યથી શિખામણ લે, ને દુનિયાનાં મોજશોખમાં ફસાય છે તે મુર્ખ છે.

૭૧ યુક્તિ એ મોમિનની ખોવાયલી વસ્તુ છે માટે જો યુક્તિ કોઈ નાસ્તિકને મોઢેથી પણ એ સાંભળે છે તો તે ગ્રહણ કરી લે છે.

૭૨ બુદ્ધિશાળી માણસે ત્રણ વસ્તુઓ વિના બીજી તરફ આંખ ઉઘાડીને જોવું જોઈએ નહિ. (૧) આખેરત માટે મહેનત કરવી. (૨) જગતમાં સુધરેલી રીતે રહેવું. (૩) હલાલને યોગ્ય વસ્તુઓથી ફાયદો ઉઠાવવો.

૭૩ જે માણસ પોતાને માગવાથી બચાવે છે તે માન પામે છે.

૭૪ જે માણસ નાનપણમાં પોતાના મનને કષ્ટ વેઠવાની ટેવ નથી પાડતો તે મોટો થયા પછી માન પામતો નથી.

૭૫ જે માણસ નાની ઉમરમાં લોકોને સવાલ પૂછે છે તે મોટો થયા પછી વિદ્વાન થાય છે ને લોકો તેની પાસેથી ખુલાસો મેળવે છે.

૭૬ જે માણસને પોતાના રાજ્યની ખરાબીની ફીકર હોય છે તે જુલમથી બચે છે.

૭૭ યુક્તિની બરાબર કોઈ અકકલ નથી ને ઉડાવપણાની બરાબર કોઈ નાદાની નથી.

## મુર્ખાઈ

૭૮ મૂર્ખાઈથી પગ લપસે છે ને જુલમથી નેમતો દૂર ખસે છે.

૭૯ મોટી મોટી ઇચ્છાઓ એ મૂર્ખાની પુંજી છે ને લાંબી આશાઓ મૂર્ખાની ભૂલભૂલામણી છે.

૮૦ ફાયદા વિનાનું કામ કરવું એ મૂર્ખતા છે ને અહંકાર મૂર્ખતાનું માથું છે.

૮૧ અહંકાર, મૂર્ખતા ને ઘણી મશ્કરી કરવી એ બેવકુફી છે.

૮૨ જગત મુસાફરોનું ઘર છે ને કમનશીબોએ તેને પોતાનું વતન સમજી લીધું છે.

૮૩ સ્ત્રીઓ ઉપર આસકત થવું એ મૂર્ખાની ટેવ છે.

૮૪ સંકટમાં ગભરાવું એ ભારેમાં ભારે સંકટ છે.

૨૨૬૨૩

૮૫ પોતાને મોટો સમજવો એ ઓછી અક્કલની નિશાની છે.

૮૬ જે વિદ્વાન પોતાની વિદ્યા ઉપર અમલ ન કરે તો તે ખરેખરો મૂર્ખ ને અભણ છે.

૮૭ મૂર્ખ દરેક વાત ઉપર સોગંદ ખાય છે.

૮૮ દરેક નેકી કરનાર માણસ નિરાશ થતો નથી. ને જે માણસ પોતાનાં રોદણાં એવા માણસની આગળ રડે છે જે તેના ઉપર મહેરબાન નથી તે માણસ બુદ્ધિશાળી નથી.

૮૯ જે માણસ પોતાને મોટો સમજે છે તે વધારે અપમાન પામે છે.

૯૦ જે માણસ વધારે હસે છે તેનો વકકર ઘટી જાય છે.

૯૧ જે માણસ પોતે જે નઠારાં કામો કરે છે તે જ કામ માટે બીજાને કલંક લગાડે છે તો તે બેવકુફ છે.

૯૨ નવરાશનો વખત ખોવો એ બેવકુફી ને મૂર્ખાઈની નિશાની છે.

૯૩ ઘડીઘડીમાં ગુસ્સે થઈ જવું એ મૂર્ખાઈની નિશાની છે.

૯૪ ગર્વ ને આપ વડાઈની બરાબર કોઈ મૂર્ખતા નથી.

૯૫ જે માણસ પોતાના દરજાથી આગળ વધે છે તેને અક્કલ સાથે કાંઈ લેવા દેવા નથી.

# જવાંમર્દી

૯૬ મરદ માણસ દાન વડે લોકોને ફાયદો પહોંચાડે છે અને દોલત પણ તેજ ખરી છે જે લોકોનાં કામમાં આવે.

૯૭ બહાદુરી કાયમની આબરૂ અને બીકણપણુ ખુલ્લેખુલ્લું અપમાન છે.

૯૮ પોતાની ઇચ્છા અને બીમારી ગુપ્ત રાખવાં એ ખાસ જવાંમર્દી છે.

૯૯ જવાંમર્દી ઉત્તમ કામ કરવા ઉશ્કેરે છે.

૧૦૦ પોતાની આજીજી જાહેર કરવા કરતાં ભૂખ્યા રહેવું સારૂં છે.

૧૦૧ જવાંમર્દી દરેક પ્રકારની નીચતા નાપસંદ કરે છે, ને મોટું મન ઉંચી હિંમતનું પરિણામ છે.

૧૦૨ વીરતા અને ઉપકાર હાલની ફતેહ અને એક બળવાન કુટુંબ છે.

૧૦૩ સગાંવહાલાની ખબર રાખવી એનું નામ જવાંમર્દી છે.

૧૦૪ જવાંમર્દી એટલે બીજાના ઉપયોગ માટે પોતાની દોલત ખરચ કરવી ને બીજાને દુઃખ ન દેવું.

૧૦૫ જવાંમર્દીનું પહેલું લક્ષણ મોટું મન છે અને છેલ્લું લક્ષણ પરોપકાર છે.

૧૦૬ બેશક સૌથી ઉત્તમ મરણ તે છે કે માણસ ખુદાના માર્ગમાં કતલ થઈ જાય. ખુદાની સોગંદ તલવારના સો ઘા પણ પથારી ઉપર મરી જવા કરતાં ઓછાં દુઃખદાયી છે.

૧૦૭ જે માણસ બીજાની હાજતને પોતાની હાજત કરતાં પ્રથમ સમજે છે તે ખરેખરો જવાંમર્દ ને પરોપકારી છે.

૧૦૮ જે માણસની હિંમત વધારે હોય છે તેની કિંમત વધી જાય છે.

૧૦૯ જે માણસ ઉપકારના બદલામાં બુરાઈ કરે છે તે જવાંમર્દી ને માણસાઈથી દૂર ને તેથી કમનશીબ થઈ જાય છે.

૧૧૦ જે માણસ કોઈને બીવડાવતો નથી તે કોઈ બીજાથી ડરતો નથી.

૧૧૧ ગુન્હાઓથી બચવાની બરાબર કાંઈ જવાંમર્દી ને વીરતા નથી.

૧૧૨ ત્રણ વસ્તુઓ જવાંમર્દીની નિશાની છે. (૧) વધારે શરમ. (૨) ધનનો વ્યય. (૩) કોઈને દુઃખ ન દેવું.

૧૧૩ માણસની જવાંમર્દી ત્રણ વસ્તુઓથી જણાય છે (૧) લોકોની સાથે સામાન્ય રીતે નેકી કરવી (૨) દોલતની સાથે ઉપકાર કરવો (૩) ઉપકાર કરીને કદી ન દેખાડવો.

## બીકણપણું

૧૧૪ બીકણ સ્વભાવ એ આફત છે, અને નાહિંમતપણું એ ઓછી અક્કલનો પુરાવો છે.

૧૧૫ મુસીબત પ્રથમ એક હોય છે પણ ગભરાવાથી બે થઇ જાય છે.

૧૧૬ જે માણસ નાની મુસીબતોને મોટી સમજે છે તેને ખુદા મોટી મોટી મુસીબતોમાં નાખે છે

૧૧૭ જે માણસ ખુદાની બીક છોડી દે છે ને લોકોથી બીએ છે તેને ખુદા દરેક વસ્તુના સંબંધમાં બીકમાં રાખે છે.

૧૧૮ હંમેશાં ધાસ્તીમાં રહેવું એ મ્હોટી મુસીબત છે, ને વતન ન છોડવું એ કંગાલીઅતની નિશાની છે.

૧૧૯ કોઇ ડરનારને એ લાયક નથી કે તે પોતાના ગુનાહો વિના જગતની કોઇ બીજી વસ્તુઓથી ડરે .ને કોઇ ઠપકો આપનાર પોતાના મન સિવાય બીજાને ઠપકો ન આપે.

૧૨૦ તારા ગુનાહ વિના દુનિયાની કોઇ વસ્તુની બીક ન રાખ, ને પોતાના પરવરદિગાર વિના બીજા કોઇની ઉમેદ ન રાખ.

૧૨૧ પોતાની સલાહમાં કોઇ કંજુસનો સાથ ન કર, નહિ તો તે તને ઓધે રસ્તેથી ફેરવશે ને કંગાલીયત અને મોહતાજીની બીક દેખાડશે. ને તારી સલાહમાં કોઇ બીકણનો સાથ ન કર નહિં તો તને કમજોર કરી નાખશે, ને પછી તારાથી કંઇ થઇ શકશે નહિ, ને નાના નાના કામો પણ તને મોટાં દેખાશે.

૧૨૨ તહોમતદારની બરાબર કોઇ નિર્બળ ને બીકણ નથી ને અકકલમંદ જેવો કોઇ બહાદુર ને વીર પુરૂષ નથી.

## તંદુરસ્તી

૧૨૩ બદહજમી થાય એટલું બધું પેટ ભરીને ખાવું તે બુદ્ધિને બગાડે છે ને અક્કલની તિવ્રતાને રોકે છે.

૧૨૪ ધરાઇને ખાવાથી પરહેજગારી બગડે છે ને લોભ સૌથી પહેલી લાલચ છે.

૧૨૫ ખારીલો સદા બીમાર છે.

૧૨૬ ઠાંસીને ખાવાથી જાતજાતના રોગ પેદા થાય છે વળી તે લોભમાં નાખે છે ને પરહેજગારીનો નાશ કરે છે.

૧૨૭ ઉપવાસ કરવા એ એક પ્રકારની તંદુરસ્તી છે.

૧૨૮ ખુદાની બધી કૃપાઓમાં સૌથી ઉત્તમ કૃપા તંદુરસ્તી છે.

૧૨૯ જે માણસ પોતાની બીમારીઓ ત્રણ દિવસ સુધી લોકોથી છાની રાખે ને ફક્ત ખુદાની આગળ જ તેની હકીકત જાહેર કરે તો ખુદા તેની બીમારી મટાડી આરામ આપે છે.

૧૩૦ જે માણસ ઔષધની કડવાશ સહન કરતો નથી તે હંમેશાં રોગી રહે છે, ને જે માણસ પરહેજની તકલીફ પર ધૈર્ય નથી રાખતો તે લાંબા સમય સુધી બીમારીનું દુઃખ વેઠે છે.

૧૩૧ મોત બધી દવાઓની એક દવા છે.

૧૩૨ ભૂખ્યા રહેવું એ સારી દવા છે.

૧૩૩ જે માણસ પોતાની બીમારીનો આશક હોય તેની દવા નથી, ને જે માણસ પોતાનો રોગ વૈદ્યથી છાનો રાખે તેને માટે કદિ નીરોગિતા નથી.

૧૩૪ ખાવાની લાલચની સાથે નીરોગિતાની કોઇ દલીલ નથી.

૧૩૫ તંદુરસ્તી પરહેજ વગર મળતી નથી ને ખુદાની બીકને કામવાસના વિના કોઇ બગાડતું નથી.

૧૩૬ હંમેશાં રોગી રહેવા કરતાં કોઇ મ્હોટી મુસીબત નથી ને ઈર્ષાથી કોઈ બલા વધારે ભારે નથી.

## ક્ષમા

૧૩૭ ક્ષમા એ ઉત્તમ સદ્‌ગુણ છે.

૧૩૮ ક્ષમાથી વિજયમાં વધારો થાય છે.

૧૩૯ ક્ષમા બધા સદ્‌ગુણોનો તાજ અને ભલાઈ ઉત્તમ બક્ષિસ છે.

૧૪૦ ક્ષમા ઉત્તમ ઉપકાર છે, ઉપકાર માણસને ગુલામ બનાવી દે છે.

૧૪૧ ક્ષમા એ ઉત્તમ બદલો ને દયા ઘણા વિચારથી જોવાનું નામ છે

૧૪૨ જે માણસ જાણી જોઈ ને ગુનાહ કરે તે ક્ષમાને લાયક નથી.

૧૪૩ જલ્દીથી ક્ષમા કરવી એ ગૃહસ્થનું લક્ષણ છે.

૧૪૪ લોકો પર દયા રાખો કે ખૂદા તમારા પર દયા રાખે.
૧૪૫ બદલો લેવામાં ઉતાવળ કરવી એ દયાળુઓની ટેવ નથી.
૧૪૬ જે માણસ પોતાના ગુનેહગાર પાસેથી બદલો લે છે તે દુન્યાની મોટાઇ ને આખેરતમાં પુણ્યનો નાશ કરે છે.
૧૪૭ જે માણસ લોકો પર દયા કરતો નથી તેને ખુદા પોતાની દયાથી બેનસિબ રાખે છે ને જે માણસ શક્તિ છતાં જુલમ વેઠનારનો બદલો જુલ્મી માણસ પાસેથી લેતો નથી તેની શક્તિ ખુદા છીનવી લે છે.
૧૪૮ જે માણસ પોતાની ભૂલ કબુલ કરે છે તે ક્ષમાનો હકદાર થાય છે.
૧૪૯ બદલો લેવામાં ઉતાવળ કરવી એ નીચ લોકોની ટેવ છે. ને લોકોની ભૂલ જલદીથી ક્ષમા કરવી એ કુલીન લોકોની ટેવ છે.

## વાયદો પૂરો કરવો

૧૫૦ વાયદો પૂરો કરવો એ મોટાઈનું લક્ષણ છે.

૧૫૧ બોલ્યું ન પાળવું એ શિર્કનો ભાઈ છે. ને થાપણ ઓળવવી એ જૂઠની બેન છે.

૧૫૨ વાયદો કરવો એ એક પ્રકારનો રોગ છે ને તે પૂરો કરવો એ તંદુરસ્તી છે.

## નાદાની

૧૫૩ જગત બુદ્ધિને લપસવાની જગા છે. મનની ઇચ્છા નાદાનોને ગુલામ બનાવી દે છે.

૧૫૪ જે માણસ પોતાની ઘણી હાજતો લોકોની પાસે પૂરી કરાવવાની ઇચ્છા રાખે છે તે બધાથી નિરાશ થાય છે.

૧૫૫ જે માણસ બીજા લોકોની આગળ પોતાની બડાઈ મારે છે તે અપમાન પામે છે.

૧૫૬ જે માણસ કોઇ એવી ગુપ્ત વાત જાહેર કરે છે જે તેના મિત્રે તેને ભરોંસાલાયક સમજીને કહી હતી તે બેશક વિશ્વાસઘાત કરે છે.

૧૫૭ જે માણસનો સ્વભાવ કઠોર હોય છે તેનાં બાળ-બચ્ચાં ભૂખમરો વેઠે છે.

૧૫૮ જે માણસ તોછડો હોય છે તેનાં ઘરવાળાં પણ ગભરાય છે.

૧૫૯ જે માણસ પોતાની આશાઓ અને ઉમંગોના મેદાનમાં દોડે છે તે મોતની ઠોકર ખાઇને પડે છે.

૧૬૦ જે માણસ પોતાની પગ મૂકવાની જગા જાણતો નથી તેને શરમાવું પડે છે ને ઠોકરો ખાય છે.

૧૬૧ જે માણસ એવા માણસ ઉપર નાખુશ થાય છે જેને તે કોઈ રીતે નુકશાન કરી શકતો નથી, તે પોતાને સંકટમાં રાખે છે ને તેનો શોક લાંબા સમયનો ને કાયમનો થાય છે.

૧૬૨ જે માણસ બીજાની સાથે બુરાઇ કરવાનો ઇરાદો રાખે છે તે પહેલાં પોતાના જીવ સાથે બુરાઈ કરે છે.

૧૬૩ લોકોની સાથે દુશ્મની રાખવી એ નાદાનોની ટેવ છે.

૧૬૪ નકામી વાતોમાં પડવું એ પુરેપુરી નાદાની છે.

૧૬૫ મૂર્ખ અને નાદાનનો સાથ ન કર, અને નીચની સાથે નેકી ને ઉપકાર ન કર, કેમકે જેનામાં અક્કલ ન હોય તે પોતાની ધારણા પ્રમાણે તો તને ફાયદો કરશે પરંતુ એનાથી તને નુકશાન થશે ને જે કમજાત હશે તે પોતાના ઉપકાર કરનારની બુરાઇ કરશે.

## સત્ય

૧૬૬ સત્ય મૂક્તિ આપે છે અને અસત્યનો નાશ કરે છે.

૧૬૭ સત્ય એ ઉત્તમ માર્ગ અને વિદ્યા એ ઉત્તમ ભોમીયો છે.

૧૬૮ સત્ય મોટો મદદગાર ને જૂઠ નબળો સાક્ષી છે.

૧૬૯ સત્યતા મજબૂત ઈમારત ને લાજ પસંદ કરવા લાયક ગુણ છે.

૧૭૦ સત્યતામાં જો બીક હશે તો પણ એથી મૂક્તિ મળશે, ને જૂઠમાં ભરોસો હોય તો પણ તેથી નાશ થશે.

૧૭૧ સત્ય એ ઈમાનનો મજબૂત થાંભલો અને ધૈર્ય વિશ્વાસનાં જરૂરી લવાજમ ગણાય છે.

૧૭૨ હરેક સ્થળે સત્યતાને ગનિમત ગણજે કે જેથી વિજય મળશે. અને બૂરાઇ તથા જૂઠથી બચતો રહેજે કેમકે એમાં સલામતી છે.

૧૭૩ બેશક વફાદારી સત્યની સાથે જન્મેલી છે, અને મને એવી કોઈ જાતની ખબર નથી જે એ કરતાં સારી વસ્તુ હોય.

૧૭૪ હંમેશાં સત્યને પોતાના રક્ષણનું ધામ બનાવ કેમકે સત્ય ખરો મદદગાર છે.

૧૭૫ જે માણસ સત્ય વાત ઉપર અમલ કરે છે તે ફાયદો મેળવે છે ને જે અક્કલ રાખે છે તે સખાવત ને જવાંમર્દી દેખાડે છે.

૧૭૬ જે માણસ સત્યની સાથે કોલકરાર કરે છે તે વિજયી થાય છે.

૧૭૭ જે માણસ સત્યનો મુકાબલો કરે છે તે હારે છે.

૧૭૮ જે માણસ સત્યવાદી હોય છે તે કદી પોતાની આબરૂ ગુમાવતો નથી.

૧૭૯ જે માણસ સત્ય વાત કહે છે તેની બીકને રોબ વધી જાય છે.

૧૮૦ સત્યવકતાને પોતાની સત્યતાના કારણથી ત્રણ વસ્તુઓ મળે છે. (૧) તેના ઉપર લોકોને પૂરો વિશ્વાસ આવે છે. (૨) બધા લોકો એની સાથે મહોબ્બત કરે છે. (૩) એના રોબથી લોકો બીએ છે.

## અસત્ય

૧૮૧ જે માણસ બીજાનું ખોટું કરવામાં ફળીભૂત થાય છે તે જાણે હારેલો છે ને જે સત્યની સામે થાય છે તેની બધી દોલતનો જાણે નાશ થયો છે.

૧૮૨ જૂઠું બોલવું એ ઇસ્લામની ટેવ નથી.

૧૮૩ જે માણસ વધારે જૂઠું બોલે છે તેની આબરૂ ને તેજ ઘટી જાય છે.

૧૮૪ અસત્યને શરમ નથી. શંકાશીલના ધર્મનો પત્તો નથી. ને નિંદા કરનારમાં જવાંમર્દીનો અંશ માત્ર નથી.

૧૮૫ અસત્યથી વધારે કોઇ ટેવ નઠારી ને નિંદ્ય નથી.

૧૮૬ જૂઠાને અસત્યના કારણથી ત્રણ મુસીબતો વેઠવી પડે છે. (૧) ખુદા તેનાથી નારાજ થાય છે. (૨) લોકો તેને નીચ ને ધિક્કારપાત્ર ગણે છે. (૩) ખુદાના ફિરસ્તાઓ પણ એનાથી નારાજ થાય છે.

## સારમાણસાઈ

૧૮૭ નઠારાં કામોથી બચવું એ ઉત્તમ કામો કરવાથી સારૂં છે.

૧૮૮ ખુદાતઆલાથી શરમાવાથી ઘણા ગુનાહો મટી જાય છે ને ખુદાની મરજીથી રાજી થવાથી ઘણી મુસીબતો મટી જાય છે.

૧૮૯ સુંદર ઘર એ એક પ્રકારનો બગીચો છે.

૧૯૦ માણસની સંપૂર્ણતા ત્રણ વાતોમાં છે. (૧) મુસીબતમાં ધૈર્ય રાખવું. (૨) ઇચ્છાઓ પૂરી કરવામાં અયોગ્ય વાતોથી બચવું અને (૩) માગનારને આપવું.

૧૯૧ જ્યારે તમારો ભાઈ તમારા ઉપર બળાત્કાર કરે તો તમારા મનને તેની સાથે ભલાઈ કરવા માટે ફરજ

પાડો. જો તમારી સાથેનો સંબંધ છોડી દે તો તમે ગમે તેમ કરીને તેને મળો. જો તે તમને કાંઇ ન આપે તો પણ તમે તેને આપો. મતલબ કે તેનાથી જે અયોગ્ય કામો થાય તેને ખમો અને હંમેશાં તેનાથી મેળાપ રાખો.

૧૯૨ તારા મનને ફરજ પાડ કે જો તારો ભાઇ તારાથી સંબંધ છોડે તો તું તેની સાથે મેળાપ રાખજે. તે તારાથી મોં ફેરવે તો તું તેની સાથે નમ્રતા રાખજે તે દૂર જાય તો તું પાસે જા. જો કસુર કરે તો તું તેનું બહાનું કબુલ રાખ, અર્થાત્ એવો થા કે તું જાણે તેનો ગુલામ છે ને તે તારો શેઠ છે પરન્તુ એટલું યાદ રાખજે કે કોઇ નીચની સાથે અથવા અયોગ્ય ઠેકાણે એમ કરવું જોઇએ નહીં.

૧૯૩ માબાપ સાથે નેકી કરવી એ ઓલાદને માથે ભારે ફરજ છે.

૧૯૪ તને તારી એબોની ફિકરમાં એવી રીતે રહેવું જોઇએ કે બીજાંનાં દુષણોની તને ખબર પણ પડે નહિ.

૧૯૫ ક્યામતને માટે પરહેજગારીને રસ્તાનું ભાથું બનાવ. બોધને પોતાની ચાલચલણ, કુરાનને પોતાનો મિત્ર ને પોતાની ટેવને ઉદાર રાખી ઉપકાર કરવાની ટેવ પાડ.

૧૯૬ જ્યાં સુધી તું બુરાઇનો માર્ગ ભૂલી ન જાય ત્યાં સુધી ભલાઇનો માર્ગ જડવાનો નથી.

૧૯૭ જે માણસ પરોણાચાકરી કરે છે તેની પદવી વ જાય છે.

૧૯૮ જે માણસ પરહેજગારીનો લિબાસ પહેરે છે તેનો તે પોષાક કદી જુનો થતો નથી. ને જે માણસ નેકીના પૂણ્યની આશા રાખે છે ને નેકી કરે છે તે પોતાની આશામાં નિરાશ થતો નથી.

૧૯૯ જે માણસ પોતાના માબાપની સાથે સલુકાઈથી વર્તે છે તેની ઓલાદ તેની સાથે સારી સલુકાઈથી વર્તે છે.

૨૦૦ કુલીન માણસને હંમેશાં પોતાના બાપદાદાની ટેવો તરફ આકર્ષણ થાય છે.

૨૦૧ કુલીન માણસ દોલત ખરચવાથી રાજી થાય છે ને નીચ લોકો પોતાની ઉપર ઉપકાર કરનારની સાથે બુરાઇ કરીને રાજી થાય છે.

૨૦૨ તમે તમારા મોટાઓને માન આપો કે જેથી તમારાથી જે નાના છે તે તમને માન આપે, ને તમારી આબરૂ ઇજ્જતનું રક્ષણ માલ ખરચીને કરો.

## નઠારાપણું

૨૦૩ લોભ એવી બીમારી છે જેનો ઉપાય નથી. જુલમ એવો ગુનાહ છે જે જુલમ વેઠનાર ભૂલતો નથી. અને ચાડીયાપણું એવો અપરાધ છે જે કદિ વિસરાતો નથી.

૨૦૪ નકામી ટક ટક ન કર, કેમકે જે માણસ વધારે બોલે છે તેના ગુનાહ વધારે થાય છે.

૨૦૫ જુલમથી બચજે, કેમકે જુલમીને જન્નતની ખુશબો પણ મળશે નહિ.

૨૦૬ દુષ્ટ ટેવ, ચાડીઆપણું. ને હદથી વધારે લોભ એ નઠારી લાલચ છે.

૨૦૭ માબાપનું કહ્યું ન માને તે ઓલાદ સૌથી નઠારી, ને સૌથી નઠારી ટેવ જૂઠ ને કુસંપ છે.

૨૦૮ સૌથી નઠારી ટેવ મોટાઇ ને ગર્વ છે.

૨૦૯ દરેક વસ્તુ માટે એક આફત છે; નેકીની આફત નઠારાઓનો સહવાસ ને તેમની દોસ્તી છે.

૨૧૦ જે માણસે ભલાઇનો પોષાક પહેર્યો નથી તે ભુંડાઇના પોષાકથી ખાલી નથી.

૨૧૧ જે બીજાને સતાવે છે તે પોતે દિલગીર થાય છે.

૨૧૨ જે માણસ જુલમનો ધંધો લઈ બેસે છે તેની ઉમર ઘટી જાય છે.

૨૧૩ જે માણસ લોકોની સાથે મશ્કરી કરે છે તે બહુ જ નીચ ને હલકો ગણાય છે.

૨૧૪ જે માણસ નઠારા સ્વભાવનો હોય છે તેના મરણથી બધા લોકો રાજી થાય છે.

૨૧૫ જે માણસો લોકોના નાશની યુક્તિઓ રચે છે તે પોતે નાશ પામે છે.

૨૧૬ જે માણસની દાનત બગડે છે તે વિજયથી બેનસિબ રહે છે ને જે માણસ આશાઓ ઉપર ભરોંસો રાખે છે તેની આશાઓ પુરી થાય તે પહેલાં તેનું મોત આવે છે.

૨૧૭ જે માણસ પોતાના હિતેચ્છુઓની સાથે વિશ્વાસઘાત ને દગો કરે છે તે નઠારાં કામોમાં ફસાય છે.

૨૧૮ જે માણસ ખુદાની નાફરમાની કરી સ્વાદ મેળવે છે તેને ખુદા ફજેત ને બદનામ કરે છે.

૨૧૯ જે માણસ લોકોની સાથે દગો કરે છે તો ખુદા તેના દગાને તેનીજ ડોકમાં નાખી દે છે.

૨૨૦ નીચ લોકોનાં વખાણ એ નઠારૂં કામ છે.

૨૨૧ મુનાફિકોની પેઠે બંને તરફ ઢોલકી વગાડવી એ માણસને માટે ઘણી ખરાબ ટેવ છે.

૨૨૨ છચોક ખુદાની નાફરમાની કરવાથી કોપ ઉતરે છે.

૨૨૩ બજારોની મંડળીઓ અને સભાઓ શેતાનોનાં આવવાની જગા છે, ને મોજશોખની મંડળીઓ ઇમાનને બગાડે છે.

૨૨૪ દુનિયાદારોની મંડળી ઇમાનને ભુલાવનાર ને શેતાનની સેવા તરફ ખેંચી લઈ જનાર છે.

૨૨૫ નાફરમાન ઓલાદ એક સખ્તી ને બલા છે.

૨૨૬ જુલમની બરાબર કોઇ બુરાઈ નથી.

૨૨૭ નીચની ત્રણ નિશાનીઓ છે. (૧) દુરાચરણ (૨) અસભ્યતા (૩) નિંદવા લાયક બખીલાઇ.

## ઉદારતા

૨૨૮ જે વધારે ઉદાર છે તે લોકોમાં વધારે બહાદૂર છે.

૨૨૯ ઉદારતાથી મહોબ્બત ને કંજુસાઇથી ભુંડાશ થાય છે.

૨૩૦ જે માણસ ઉદાર હોય છે તે લોકોમાં સરદાર ને મોટો ગણાય છે.

૨૩૧ જે માણસનું મન લોકોને માલ આપવામાં ઉદાર છે તે દુનિયામાં લોકોને પોતાના ગુલામ બનાવી લે છે.

૨૩૨ ઇજ્જતની આબાદી જેવી માલ ખરચવાથી થાય છે એવી કોઇ રીતે થતી નથી.

૨૩૩ માલ ખરચ કરીને પોતાની આબરૂ વધારો.

૨૩૪ દાન અને ઉદારતાની બરાબર વખાણવા લાયક કોઇ બીજી ટેવ નથી.

## લોભ

૨૩૫ લોભ એ છાની બીમારી છે.

૨૩૬ કંજુસ માણસ દુનિયામાં લાચાર રહે છે.

૨૩૭ અતિશય લોભ તે નાશનું મૂળ ને ભુંડાશનું કારણ છે.

૨૩૮ લોભી કદી રાજી થતો નથી.

૨૩૯ લોભ સદાનો ગુલામ બનાવનાર ને મોટું મન એ ઉત્તમ દોસ્તી છે.

૨૪૦ કંજુસાઇ એવી ચીજ છે કે જે તેની સોબત કરે છે તે માનભંગ થાય છે ને જે તેનાથી વિયોગ કરે તેને આબરૂ મળે છે.

૨૪૧ લોભી ગમે તો આખી દુનિયાનો રાજા થઇ જાય તો પણ ફકીર ને કંગાલ છે.

૨૪૨ પોતાની પાસે જે દોલત છે તેમાંથી ખુદાએ ઠરાવેલી જકાત ન કાઢવી એ મોટી કંજુસાઇ છે.

૨૪૩ લોભથી બચો, કેમકે લોભી હંમેશાં અપમાન પામે છે.

૨૪૪ લોભથી બચો, કેમકે એ નાશ કરનાર વસ્તુ છે.

૨૪૫ લોભ જેવી નીચ વસ્તુથી બચો, કેમકે એ બધાં દુર્ગુણોનું માથું, અપમાનની ખેતી, મનને નીચ અને શરીરને દુઃખ દેનાર વસ્તુ છે.

૨૪૬ જે માણસ પૈસો ખરચવામાં સૌથી વધારે કંજુસ હોય છે તે પોતાની આબરૂ આપવામાં સૌથી વધારે ઉદાર હોય છે.

૨૪૭ દરેક લોભી બલાઓમાં ગિરફતાર ને હંમેશનો ફકીર છે.

૨૪૮ દરેક વસ્તુનું એક બી છે, ને ભુંડાશનું બી લોભ છે.

૨૪૯ લાલચુ માણસ કદી રાજી જોવામાં આવતો નથી ને મોમિન કદી લાલચુ હોતો નથી, બલ્કે એની ટેવ ખુદા પર ભરોસો ને સંતોષ છે.

૨૫૦ જે માણસ પોતાની દોલત પોતાના ઉપયોગ માટે પણ ખરચવામાં કંજુસાઈ કરીને તેને બીજા માટે મૂકી ગયો તે માણસ ખુદાને અનુસરતો નથી.

૨૫૧ જે માણસ કંજુસાઇ કરે છે તેનો કોઈ માણસ હિતેચ્છુ નથી થતો.

૨૫૨ જે માણસ લોભી હોય છે તેમાંથી પરહેજગારી જતી રહે છે.

૨૫૩ સૌથી નઠારી ટેવ કંજુસાઇ છે.

૨૫૪ કંજુસાઇની બરાબર કોઈ વસ્તુ આબરૂને હલકી કરતી નથી.

૨૫૫ કંજુસાઇની બરાબર ખુદાને નારાજ કરનાર કોઈ વસ્તુ નથી.

૨૫૬ તમને લાયક છે કે જ્યારે ખુદાએ તમને સ્વતંત્ર બનાવ્યા છે ત્યારે તો લોભના ગુલામ ન બની જાઓ.

## સંપ

૨૫૭ સંપ એ મોટો વિજય છે.

૨૫૮ સંપ એ ધર્મનું પરિણામ છે ને રાજી રહેવું એ વિશ્વાસનું ફળ છે.

૨૫૯ સંપ એ ઈમાનની મોટી પદવી છે કેમકે સંપ ઉપર જ ભકિતનો આધાર છે.

૨૬૦ સંપ વિદ્યા ને સહનશિલતાનું ફળ છે, નમ્રતા સલાહની તરફ ખેંચી જાય છે.

૨૬૧ બેશક પરસ્પર સંપ રાખવો એ ઇસ્લામના અગત્યનાં ફરમાનોમાંનું એક છે.

## કુસંપ

૨૬૨ કુસંપ એ શિર્કનો ભાઇ અને નિંદા ખરાબમાં ખરાબ જૂઠ છે.

૨૬૩ કુસંપ એ જૂઠથી થાય છે.

૨૬૪ કુસંપ એ અપમાનનાં ચુલાનો ધુમાડો ને મૂર્ખતા એ અજ્ઞાનનું ફળ છે.

૨૬૫ કુસંપ એ અપમાનનાં ચુલાનો ધુમાડો ને લોભ હંમેશાં મોતનો કેદી છે.

૨૬૬ સગાંઓ સાથે કુસંપ કરવો એ કુલીનોની ટેવ નથી ને બક્ષીસોનો ઉપકાર ન માનવો એ ખુદાની અનુકુળતા ને કૃપા નથી.

## સદ્‌ગુણ

૨૬૭ ખુદાની બીક તે તેના ભક્તોની ચાદર, વિચાર કરવો એ પરહેજગારોનુ ભૂષણ, ને જાગરણ એ ખુદાના આશિકોનો બાગ છે.

૨૬૮ ખુદાની મરજીને તાબે થવું એ ઉત્તમ સદ્‌ગુણ છે.

૨૬૯ માણસ પોતાના કુટુંબીઓ અને સંબંધીઓ સાથે સારા સલુકથી વર્તે એનું નામ લાયકી છે.

૨૭૦ મુસલમાન આડે રસ્તે ચાલતો નથી.

૨૭૧ કોઈ સખ્તી કરે તો તે પણ સખ્તી કરે ને કોઈ નરમી કરે તો તે પણ નરમી કરે તેને ઉત્તમ માનવો.

૨૭૨ સભ્યતા એ માણસમાં એક વૃક્ષ છે જેની જડ અક્કલ છે.

૨૭૩ ખુદાની બીક એ ભાગ્યશાળીનું લક્ષણ અને ગુનાહોથી બચવું એ પરહેજગારોનો પોષાક છે.

૨૭૪ બુદ્ધિશાળી સાથે નેકી કરવી એ સારૂં કામ છે ને નીચનું ભલું કરવું એ ભૂંડું કામ છે.

૨૭૫ પરહેજગાર લોકોમાં નીચે લખેલા સદ્ગુણો હોય છે, (૧) સારાં કામ કરવાનો બોધ કરે છે. (૨) ફસાદથી બચે છે (૩) આખેરતની ભલાઇ માટે ચિંતન ને લોભ રાખે છે.

૨૭૬ મોમીનમાં નીચેના સદ્ગુણો હોય છે. (૧) સંપૂર્ણ બુદ્ધિ (૨) તે સહનશિલતા ને ખામોશી જેનાથી બીજાઓ રાજી થાય, (૩) સદ્ગુણોની ઇચ્છા (૪) નઠારાં કામોથી કંટાળો.

૨૭૭ નેકીથી કોઇ વસ્તુ સારી નથી, પરંતુ એનું પૂણ્ય એના કરતાં પણ વધારે ને શ્રેષ્ઠ છે, ને બદી કરતાં કોઈ વસ્તુ ખરાબ નથી, પણ તેની શીક્ષા તેના કરતાં પણ ખરાબ છે.

૨૭૮ જે માણસ સારાં કામ કરવાનો હુકમ કરે છે તે ઇમાનદાર લોકોની મદદ કરે છે.

૨૭૯ જે માણસમાં નીચલા ૩ ગુણો હોય છે તેને દુનિયા ને આખેરત બંને મળે છે. (૧) લોકોને નેક કામો દેખાડે ને પોતે પણ નેક કામ કરે. (૨) લોકોને નઠારાં કામોથી રોકે ને પોતે પણ નઠારાં કામ ન કરે. (૩) ખુદાની મર્યાદા ને આજ્ઞાઓ પાળે.

૨૮૦ મોહતાજોની ખબર લેવી એ મોટા અપરાધોનું પ્રાયશ્ચિત છે ને લોકોનો ભાર ઉઠાવવો ને તેમને ઋણ મૂક્ત કરવા અને પરોણાચાકરી કરવી એ ઉત્તમ સદ્ગુણ છે.

૨૮૧ સૌથી સારી ટેવ હરામ કામોથી બચવું તે છે.

૨૮૨ પરહેજગારી માણસને દરેક તોહમતથી બચાવે છે.

૨૮૩ સજ્જન માણસો એમની ઉપર ઉપકાર કરે છે જે એમના જેવા રંગના હોય.

# દુર્ગુણ

૨૮૪ તમારા દુર્ગુણોમાં જુલમ ભારે દુર્ગુણ છે, ને બધા સદ્‌ગુણોમાં ન્યાય ઉત્તમ છે.

૨૮૫ શક્તિ છતાં કામ ન કરવું એ મોટી મુસીબત છે.

૨૮૬ દુર્ગુણીની બુરાઇ કરવી એ એબ નથી.

૨૮૭ ઇર્ષાખોર કદી સરદાર થઇ શકતો નથી ને ગએલી વસ્તુ પાછી આવી શકતી નથી.

૨૮૮ ભીખ માગવી એ આજીજીની કુંચી છે ને ઠગાઇનું પરિણામ નુકસાન છે.

૨૮૯ દગો અને મનમાં વેર રાખવું એ ઇમાનનાં દુશ્મન છે.

૨૯૦ પોતાની સાથે નરમાશ રાખે તેની સાથે કઠોર થાય અને જ્યારે કોઇ કઠોર થાય તો પોતે ઢીલો પડી જાય એ નીચ માણસનાં લક્ષણ છે.

૨૯૧ ચાડીઓ જેની આગળ ચાડી ખાય છે તેની આગળ જૂઠ બકે છે, ને જેની ચાડી ખાય છે તેના ઉપર જુલમ કરે છે.

૨૯૨ સૌથી વધારે બખીલ તે છે જે સલામ કરવામાં કંજુસાઇ કરે છે.

૨૯૩ કામ ને ક્રોધનો હુકમ માનવાથી આત્માનો નાશ થાય છે.

૨૯૪ શેતાનનો દાવપેચ એના વીના બીજો નથી કે માણસને ક્રોધ ને સ્ત્રીઓની પ્રીતિમાં ગરક કરી દે.

૨૯૫ જે માણસની આશાઓ લાંબી હોય છે તેની વર્તણુંક ખરાબ હોય છે.

૨૯૬ તે માણસ કરતાં વધારે નુકસાનમાં બીજો કોણ હોઇ શકે જે આખેરતને દુનિયાના બદલામાં વેચી નાખે છે ?

૨૯૭ જે માણસ તોબાની તરફ વલણ દેખાડતો નથી તેના ગુનાહો વધી જાય છે.

૨૯૮ જે માણસ ઘણીક સ્ત્રીઓની સાથે નિકાહ કરે છે તે સોવસા ફજેત થાય છે ને અપમાન પામે છે.

૨૯૯ નકામાં બેસી રહેવાથી ઇશ્કબાજી યાદ આવે છે.

૩૦૦ જે માણસો મરી ગયા છે તેમની બુરાઇઓ યાદ ન કરો, એ મોટો અપરાધ છે.

૩૦૧ હે ખુદાના બંદાઓ ! પરસ્પર ઇર્ષા ન કરો કેમકે ઇર્ષા ઇમાનને એવી રીતે ખાઇ જાય છે જેવી રીતે

આગ બળતણને ખાઇ જાય છે, ને એક બીજાની સાથે વેર ને દ્વેષ ન રાખો કેમકે એ ભલાઇની જડ ઉખેડી નાખે છે.

૩૦૨ ઇર્ષાની બરાબર કોઇ રોગ નથી.

૩૦૩ નીચ લોકો તેમના ઉપરજ ઉપકાર કરે છે જે એમને અનુસરતો હોય.

## વખાણ

૩૦૪ કોઇનાં વખાણમાં અતિશયોક્તિ કરવાથી તે ગર્વિષ્ઠ થઇ જાય છે.

૩૦૫ જે માણસ પરોપકાર ને નેકી કરે છે તેનાં સૌ વખાણ કરે છે.

૩૦૬ જે માણસ સખાવત કરતો નથી તેને કોઈ વખાણતો નથી, ને જે માણસ જવાંમર્દીનું કામ કરતો નથી તેને સરદારી મળતી નથી.

૩૦૭ જે માણસ ખુદાની યાદમાં લીન રહે છે ખુદા તેની સારી વાતો લોકોમાં પ્રખ્યાત કરે છે.

૩૦૮ જે માણસ વધારે પરોપકાર કરે છે તેને બધા લોકો સારો ને મોટો ગણે છે.

૩૦૯ જે માણસ પોતાના ખુદાને રાજી રાખવાની ઇચ્છા રાખે છે તે લોકોની ખુશી કે નાખુશીની પરવાહ કરતો નથી તો ખુદા તેની નિંદા કરનારને તેનાં વખાણનાર બનાવી દે છે, ને જે માણસ લોકોને રાજી રાખે છે ને ખુદાને નારાજ કરે છે તો ખુદા તેના વખાણનારાઓને તેની નિંદા કરનાર અને જીવના દુશ્મન બનાવી દે છે.

## નિંદા

૩૧૦ નિંદા એ લાચારની કોશીશ છે.

૩૧૧ નિંદા સાંભળનાર નિંદા કરનારનો ભાગીઓ છે.

૩૧૨ નિંદાથી બચજે કેમકે એ તને ખુદા અને લોકનો દુશ્મન બનાવે છે ને સુકૃત્યોનો બદલો ખોઇ નાખે છે.

૩૧૩ નિંદા સાંભળનાર નિંદા કરનારમાં ગણાય છે.

૩૧૪ નિંદામાં અહંકાર ને આપવડાઈ, ક્રોધમાં બરબાદી ને વિનાશ, ને લોભમાં શોક ને ભુંડાશ રહેલાં છે.

૩૧૫ નિંદાથી રાજી થવું એ દોઝખમાં પ્રવેશ કરવાનું કારણ છે.

૩૧૬ જે માણસ કોઇ બીજાને એબ લગાડે છે તે પોતે તેમાં ફસાઇ પડે છે.

૩૧૭ જે માણસ બીજાનો ભેદ જાણવાની ઇચ્છા રાખે છે ખુદા તેના બધા ભેદો જાહેર કરી દે છે.

## વિદ્યા

૩૧૮ વિદ્યાથી મોટાઇ મળે છે, અજ્ઞાનતાથી ભટકવાપણુ, અને લોભ માણસને ફજેત કરે છે.

૩૧૯ વિદ્યા એ બુદ્ધિનો દીવો છે, અને ખુદાને ઓળખવો એ મનનું નુર છે.

૩૨૦ વિદ્યા ઉંચા પ્રકારનો વિજય ને ભકિત સદા રહે એવી આબરૂ છે.

૩૨૧ વિદ્યા એ બુદ્ધિનું સરનામું ને ખુદાને ઓળખવો એ મોટાઇની સાબીતી છે.

૩૨૨ અનુભવથી વિદ્યા મેળવાય છે ને શિખામણ લેવાથી સીધે રસ્તે ચલાય છે.

૩૨૩ લોકોમાં વિદ્યા વધારે છે પણ અમલ ઓછો છે, ધર્મ એક ભંડોળ છે ને વિદ્યા તેનો માર્ગ દેખાડનાર છે.

૩૨૪ વિદ્યા બુદ્ધિનો દીવો છે, અને વિદ્યામાં પારંગત થવાથી અજ્ઞાનતાનું નાળું સુકાઈ જાય છે ને મોટાઇ મળે છે.

૩૨૫ ખુદાને ઓળખવાનું સાધન વિદ્યા છે.

૩૨૬ જે માણસ દીનની વિદ્યા શીખે છે તે ઘણું મેળવી લે છે ને જે માણસ લાલચનાં લુગડાં પહેરે છે તે હંમેશાં મોહતાજ રહે છે.

૩૨૭ જે માણસ દીનની વિદ્યાનો આશક થઈ જાય છે તે પોતાના જીવની સાથે મોટો ઉપકાર કરે છે, ને જે માણસ સભ્યતાને ઘણી જ ચાહનાથી મેળવે છે તે પોતાના જીવ માટે સુંદર ઘરેણું બનાવે છે.

૩૨૮ જે માણસ નાનપણમાં વિદ્યા શિખતો નથી તે મોટો થયા પછી આગેવાન ને પેશ્વા થઈ શકતો નથી.

૩૨૯ અજ્ઞાનતાની બરાબર કોઇ મોહતાજી ને બલા નથી.

૩૩૦ પરહેજગારી વિના વિદ્યા દુરસ્ત થતી નથી, ને લોભ હોય તો દીન સલામત રહેતો નથી.

૩૩૧ આરામથી બેસી રહેવાથી વિદ્યા આવડતી નથી.

## અજ્ઞાનતા

૩૩૨ અજ્ઞાનતા એક મુસીબત છે.

૩૩૩ વિદ્વાન મરણ પછી પણ જીવતા રહે છે અને અજ્ઞાનીઓ જીવે છે છતાં મરી ગએલા છે.

૩૩૪ અજ્ઞાનતા એવી બલા છે કે જીવતાઓને મુડદાં બનાવી દે છે ને હંમેશાં કમનસીબીમાં ફસાયલા રાખે છે.

## નમ્રતા

૩૩૫ નમ્રતા મોટાઈનું સરનામું ને માણસોની સાથે ઉપકાર કરવો એ મોટાઈનું માથું છે.

૩૩૬ નરમાશ મુસલમાનનો સાથી છે.

૩૩૭ સભ્યતા માણસાઈનું લક્ષણ છે. ભલાઈ વિના બીજી કોઈ વસ્તુ માણસની સાથે જશે નહિ, અને દુનિયા ઉપર અહંકાર કરવો તે મૂર્ખતા છે.

૩૩૮ નરમાશ બુદ્ધિની ને સત્યતા મોટાઈની સંપૂર્ણતા છે.

૩૩૯ બેશક! તું નમ્રતા રાખીશ તો ખુદા તારી ઉન્નતિ કરશે.

૩૪૦ નમ્રતા રાખ, કેમકે નમ્રતા એ નિર્ભયતાની કુંચી ને બુદ્ધિશાળી લોકોની ટેવ છે.

૩૪૧ જો માણસમાં થોડીક પણ સભ્યતા હોય તો તે કુટુંબની મોટાઈ કરતાં સારી છે.

૩૪૨ જે પોતાને હલકો ગણે છે તે લોકોની દૃષ્ટિમાં મોટો ને માન આપવા લાયક ગણાય છે.

૩૪૩ જે માણસ સભ્યતાનો આશક થાય છે તેની એબો ઘટી જાય છે.

૩૪૪ જે માણસના નોકરો નરમ સ્વભાવના હોય છે તેની કોમ તેની સાથે હંમેશાં પ્રેમ રાખે છે.

## અહંકાર

૩૪૫ અહંકાર બક્ષિસોના વધારાને રોકે છે.

૩૪૬ અહંકાર બુધ્ધિને બગાડે છે.

૩૪૭ અહંકાર પૂરી મુર્ખાઇ ને ઉડાઉપણું નાદારીની નિશાની છે.

૩૪૮ બદલો લેવાની ઇચ્છા રાખનારને કદિ શાંતિ નથી ને અહંકારીને બુધ્ધિ નથી.

૩૪૯ જુલમ અને અહંકારની સજા જલ્દી મળે છે, નેકીનો બદલો તરત મળે છે.

૩૫૦ ક્રોધ અક્કલને બગાડી સીધે રસ્તેથી દૂર નાખી દે છે, અહંકાર મોટી ભૂલ ને બુદ્ધિને માટે આફત-રૂપ છે.

૩૫૧ અહંકારથી બચો, કેમકે એથી કોપ ઉતરે છે ને બક્ષિસો દૂર જાય છે, તથા દુશ્મની પેદા થાય છે અથવા ખુદાતઆલાની શક્તિ જોવામાં આવે છે.

૩૫૨ અહંકારથી ખુદા પાસે એવી રીતે રક્ષણ માગો જેવી રીતે જગતનાં કષ્ટોથી માગો છો.

૩૫૩ દરેક અહંકારી નીચ ને તિરસ્કારને પાત્ર છે.

૩૫૪ ગર્વિષ્ઠ માણસનો કોઇ ભાઇબંધ નથી, ને બખીલનો કોઇ સોબતી નથી.

૩૫૫ જે માણસ મોટાઇ ને ગર્વ કરે છે તેને લોકો નીચ ને તુચ્છ ગણે છે.

૩૫૬ ખબર પડતી નથી કે આદમના દીકરાઓ શી વાત ઉપર ગર્વ કરે છે ને અકકડ રહે છે, તેની હકીકત એવી છે કે પ્રથમ તે ધાતુનું બિંદુ હતું ને છેવટે મુરદાર થઇ જશે. પોતે પોતાનું ભરણપોષણ કરી શકતો નથી ને પોતાના મોતને પોતે હઠાવી શકતો નથી.

## દોસ્તી

૩૫૭ મિત્રનો મત લેવો એ સલામતી ભરેલું છે.

૩૫૮ મિત્રતા એવી વસ્તુ છે કે એ ખોવાથી માણસ માંદો થાય છે, કષ્ટ સહન કરવાના પ્રમાણમાં પુણ્ય મળે છે.

૩૫૯ જેનો કોઈ મિત્ર ન હોય એ ગરીબ માણસ છે.

૩૬૦ મિત્રની સાથે બગાડ કરવો એ ખુદાની મરજીની વિરૂધ્ધ કૃત્ય છે, પોતાના મનની બુરાઇ ખોળી કાઢવી એ ઉત્તમ તપાસ છે.

૩૬૧ સાચા મિત્ર સુખી અવસ્થામાં શોભા, અને દુ:ખની વખતે સહાય કરે છે.

૩૬૨ જે તારી ભૂલ ને ખતાને માફ કરે, તારી હાજત પૂરી કરે, તારી લાચારી કબુલ રાખે, તારાં કલંક

છૂપાવે, તારી ધાસ્તીને મટાડે ને તારી આશાઓ પૂરી કરે એ તારો ભાઈ છે.

૩૬૩ ભાઈબંધીનું ફળ એ છે કે એક બીજાની ગેર-હાજરીમાં એક બીજાનું રક્ષણ કરવું ને કોઈમાં કાંઇ એબ હોય તો તેને બતાવવી.

૩૬૪ એવા ભાઇ ઘણા થોડા છે જે ન્યાય કરે, ને એવા ધનવાન ઘણા થોડા છે જે ગરીબોનાં કષ્ટ ટાળે.

૩૬૫ જે માણસ લોકોનાં કલ્યાણ માટે વધારે મહેનત કરતો હોય તેની સાથે વધારે પ્રીતિ ને મેળાપ રાખવો જોઇએ.

૩૬૬ સંબંધ છોડી દેનારનો કોઈ સગો નથી ને બખીલનો કોઇ મિત્ર ને યાર નથી.

૩૬૭ ઉદાસી માણસને માટે કોઇની સાથે મિત્રતા નથી.

૩૬૮ જે માણસની જીભ મીઠી હોય છે તેનાં મીત્રો વધારે હોય છે.

૩૬૯ જે માણસ તારી ભલાઇ ઇચ્છે છે તે ખરૂં પૂછો તો તારો મહેરબાન છે ને જે તને શિખામણ આપે છે તે બેશક તારા ઉપર ઉપકાર કરનાર ને મિત્ર છે.

૩૭૦ જે માણસ પોતાના ભાઇબંધોની જરા જરા જેટલી ભૂલ ઉપરથી જૂદો થઇ જાય છે તેના મિત્રો ઘટી જાય છે.

૩૭૧ જે માણસ તારી સામે તારી એબ જાહેર કરે છે તે તારી પીઠ પાછળ તારી મદદ ને સંભાળ કરે

છે, ને જે માણસ તારી સામે તારી એબો છૂપાવે છે તે તારી પીઠ પાછળ તારી એબો જાહેર કરે છે.

૩૭૨ જે માણસ ચાડીઆની વાત સાચી માને છે તે મિત્રોની મિત્રાચારી ખોઇ નાખે છે.

૩૭૩ જે માણસ પોતાના મિત્રોને તૂચ્છ ગણે છે તેને દુશ્મનો કચડી નાખે છે.

૩૭૪ જે માણસ મિત્રોની ભૂલો સહુન કરતો નથી તે એકાંતમાં મરે છે (તેનો કોઇ મિત્ર રહેતો નથી.)

૩૭૫ કોઇ મિત્રની ચડતી ઉપર ઇર્ષા કરવી એ કમહિંમતી ને નિચતા છે.

૩૭૬ મૂર્ખાઓની દોસ્તી એવી રીતે નાશ પામે છે જેવી રીતે મૃગજળ દૃષ્ટિથી લોપ થઈ જાય છે, અથવા એવી રીતે ફાટી જાય છે જેવી રીતે ધુમસ ફાટી જાય છે.

૩૭૭ સાંકડા મનવાળાનો કોઇ ભાઇબંધ નથી ને કંજુસમાં જવાંમર્દી નથી.

## દુશ્મનાઇ

૩૭૮ દુશ્મનની સાથે નરમાશથી વર્તવાથી તેના વિરોધની તીક્ષ્ણતા ઘટી જાય છે અને અદાવતની તલવારની ધાર બુઠી થઈ જાય છે અને હસમુખાપણે વર્તવાથી દુશ્મનીની આગને ઓલવી દે છે.

૩૭૯ શત્રુ એક પણ વધારે છે, જે રાજપાટ નાશવંત છે તે તદ્દન નકામી વસ્તુ છે.

૩૮૦ ભલાઈ કરવી એ નુકશાન કરવા કરતાં સહેલું કામ છે.

૩૮૧ વેર લેવાની ઇચ્છા રાખનાર હંમેશા શોકમાં રહે છે, અને ઈર્ષાખોર જાહેરમાં નીરોગી દેખાય પણ તે રોગી છે.

૩૮૨ દરેક વસ્તુનું એક બી છે, ને શત્રુતાનું બી નકામું બોલવું ને ઠઠ્ઠા મશ્કરી છે.

૩૮૩ જે બીજા લોકોનાં દુષણો ખોળવામાં લાગેલો રહેતો હોય તેનાથી વધારે દુશ્મની રાખી દૂર રહેવું જોઇએ.

૩૮૪ જે માણસ કોઇની પરીક્ષા કરે છે તેની સાથે તેને વેર થાય છે.

૩૮૫ જે માણસ કોઇને દુઃખ દેતો નથી તેનો કોઇ માણસ દુશ્મન થતો નથી.

૩૮૬ જે માણસ લોકોની સાથે દુશ્મનીનું બી વાવે છે તે છેવટે નુકશાનનું ફળ મેળવે છે.

૩૮૭ જે માણસ પોતાના ઘરવાળાઓ સાથે બુરાઇ કરે છે તેનાથી ભલાઇની આશા બીજાને શી રીતે હોઇ શકે?

૩૮૮ જે માણસ ચાડીઆપણું કરે છે તેનાં સગાં તેની સાથે લડે છે ને ત્રાહિત માણસો તેની સાથે દુશ્મની રાખે છે.

## સખાવત

૩૮૯ સારા સ્વભાવનું ફળ સખાવત છે, અને ઉપકાર કરીને યાદ રાખવો તે ઉપકારને બરબાદ કરે છે.

૩૯૦ સખાવત બધા સદ્દગુણોની ખાણ અને કંજુસાઇ બધા દુર્ગણોની જડ છે.

૩૯૧ સખાવત ઉત્તમ સરદારી છે.

૩૯૨ સખાવતનું ફળ ભાઇબંધી ને સફાઇ, અને બખીલાઇનું પરિણામ દ્વેષ ને દુશ્મની છે.

૩૯૩ સખાવત ઇમાનનો દોસ્ત, મોટાઇ ઉપકારનો સંગાથી, અને ઉપકાર દેખાડવો એ હલકાઇની નિશાની છે.

૩૯૪ સખાવતથી વખાણ ને ક્ષમાથી મોટાઇ મળે છે.

૩૯૫ સખાવત ને વીરતા ઉત્તમ ગુણો છે જે ખુદાના વહાલા અને ચુંટી કાઢેલા છે તેમને જ એ સદ્દગુણો મળે છે.

૩૯૬ વગર માગે આપે તે સખાવત છે, માગ્યા પછી તો લોકોની શરમ ને અપમાનની બીકથી પણ લોકો આપે છે.

૩૯૭ દાન એ બલા અને દુઃખ મટાડવાનું સાધન છે.

૩૯૮ બેશક અપંગ ભીખારીને ખુદાએ મોકલેલો છે માટે જે માણસ તેને કાંઈ આપે છે તે જાણે ખુદાના ખોળામાં આપે છે, ને જે માણસ તેને કાંઈ ન આપતાં દોલતને રોકી રાખે છે તે જાણે ખુદાથી પોતાની દોલતને સંતાડે છે.

૩૯૯ જે જે વસ્તુથી ક્યામતમાં લાભ મળશે તે વસ્તુઓમાં સર્વોત્તમ દાન છે.

૪૦૦ જે માણસ ખુદાની સાથે વેપાર કરે છે તેને નફો મળે છે ને જે માણસ ભલાઈની ઇચ્છા રાખે છે તે વિજયી થાય છે.

૪૦૧ જે માણસ ખુદાને કરજ આપે છે (તેના માર્ગમાં દોલત ખર્ચ કરે છે) ખુદા તેને તેનો બદલો ને પુણ્ય આપે છે.

૪૦૨ જે માણસ પોતાના નાના સરખા હાથથી કોઈ વસ્તુ આપી દે છે તે એક મોટા હાથથી ઇનામ મેળવશે.

૪૦૩ જે માણસ દુનિયા આપીને આખેરત ખરીદે છે તે બંને લોકમાં ફાયદો મેળવે છે, ને જે

માણસ આખેરત વેચીને દુનિયા ખરીદે છે તે બંનેમાં નુકસાન પામે છે.

૪૦૪ જે માણસ પોતાની સારી સંભારણા બાકી રાખવાનું ચાહે છે તેને લાયક છે કે પોતાની દોલત લોકો માટે ખરચ કરે.

૪૦૫ જે માણસ ખુદાના માર્ગમાં દ્રવ્ય ખરચ કરે છે તેને ખુદા જલદીથી તેનો એવઝ (બદલો) આપે છે.

૪૦૬ જે માણસો કંગાલો માટે પોતાની દોલત ખરચતાં કંજુસાઇ કરે છે તેના ઉપર ખુદા નારાજ થાય છે.

૪૦૭ જો માલ ખરચ કરવાથી દીનમાં ને આબરૂમાં વધારો થાય તો એ ખુદાની મોટી બક્ષીસ છે.

## સંતોષ

૪૦૮ સંતોષી માણસ જગતમાં આરામથી રહે છે ને લોભી લાલચનો ગુલામ બની જાય છે.

૪૦૯ સંતોષ એવી તલવાર છે જે કદી બુઠ્ઠી થતી નથી.

૪૧૦ સંતોષ તવંગરીનું માથું ને પરહેજગારી ભક્તિની જડ છે.

૪૧૧ નેકીથી વિજય ને સંતોષથી માન મળે છે.

૪૧૨ સંતોષ ઉત્તમ તવંગરી છે.

૪૧૩ સંકટો બધાં માણસને સરખે ભાગે વહેંચવામાં આવ્યાં છે, અર્થાત કોઈ અમુક દુઃખમાં સપડાયેલો છે તો બીજો અમુક સંકટમાં.

૪૧૪ વધારે સંતોષી વધારે ધનવાન છે, ને વધારે લોભી તે વધારે કમનસીબ છે.

૪૧૫ જે સંતોષની ચાદર ઓઢે છે ને ઉડાવપણાથી બચે તેને માટે ખુશી છે.

૪૧૬ દરેક સંતોષી ધનવાન છે, ને ખુદાના ઉપર ભરોસો રાખનાર દરેક માણસ બધી આફતોથી નિર્ભય છે.

૪૧૭ દુનિયાનો બધો ભાર ને સંકટો ને શીળ સ્વભાવ-વાળા માટે આસાન ને હલકો છે.

૪૧૮ જે માણસ સંતોષી થાય છે તે માગવાનાં અપ-માનથી બચે છે.

## ધૈર્ય

૪૧૯ ધૈર્ય બલાને નાશ કરનાર મોટું સાધન છે.

૪૨૦ ધૈર્ય દુશ્મનોને લાચાર કરી નાખે છે.

૪૨૧ ધૈર્ય ભૂખના દુઃખને મટાડનાર મોટું હથિયાર છે.

૪૨૨ ધીમે ધીમે કામ કરનાર વિજયને લાયક ને હળી-મળીને રહેનાર દુઆ કબુલ થવાને લાયક છે.

૪૨૩ હુશિયારી તથા મોટાઈ ધૈર્ય ઉપર આધાર રાખે છે.

૪૨૪ મુસીબતમાં ધૈર્ય રાખવાથી શત્રુઓની ખુશી ઓછી થઈ જાય છે.

૪૨૫ મુસીબતમાં વિલાપ કરવાથી મુસીબતમાં વૃધ્ધી થાય છે પણ ધીરજ રાખવાથી મુસીબત જતી રહે છે.

૪૨૬ ધૈર્યને ધારણ કરો, કેમકે એ ઈમાનનો થાંભલો છે અને બધાં કામોનો આધાર એના ઉપર છે.

૪૨૭ જો તમે ધૈર્ય રાખશો તો ખુદા દરેક કષ્ટના બદલામાં બક્ષિસ આપશે.

૪૨૮ જે દીનના નિયમ પ્રમાણે ચાલે ને નબીઓની પગથી ઉપર ચાલે તેને માટે ખુશી છે.

૪૨૯ જેણે પોતાના પરવરદિગારની ફરજ અદા કરી તે જીવને, ને ખુદાની ઇબાદતમાં નિદ્રાનો ત્યાગ કર્યો તે આંખને ખુશી છે.

૪૩૦ જ્યાં સુધી માણસ ધૈર્ય રૂપી કડવું ઓસડ ન પીએ ત્યાં સુધી તેને પૂણ્યનું મીઠું ફળ મળી શકતું નથી.

૪૩૧ ઇસ્લામથી વધારે કોઇ નિર્ભય સ્થળ નથી.

૪૩૨ ગુનાહની કબુલાત કરવી એનાથી વધારે સારો ને લાભકારક કોઇ રસ્તો નથી.

## ઉતાવળ

૪૩૩ ઉતાવળ એ એક પ્રકારનું ગાંડપણ છે. ઉતાવળીઓ માણસ પોતાના કામથી શરમાય છે, છતાં શરમાય નહિ તો/સમજવું કે તેનું ગાંડપણ દૃઢ થઈ ગયું છે.

૪૩૪ ખબરદાર પરિણામનો વિચાર કર્યા વિના જે માણસ કામ કરવા મંડી જાય છે તે કષ્ટોને પોતાના માથા ઉપર ઉપાડી લે છે.

૪૩૫ દરેક વાતમાં ઉતાવળ કરનારનાં કદી વખાણ થતાં નથી.

૪૩૬ જે માણસ ઉતાવળની સવારી ઉપર બેસે છે તેના ઉપર ધિક્કાર સવાર થાય છે, ને જે માણસ સુસ્તી ને આળસનો તાબેદાર થાય છે તેને તિરસ્કાર ઘેરી લે છે.

## યતીમ

૪૩૭ જે માણસ મા–બાપ વિનાનાં બાળકો ઉપર જુલમ કરે છે તેની સજા એ છે કે તેની ઓલાદ તેનો હુકમ માનતી નથી.

૪૩૮ જે માણસ અનાથ બાળકોની સંભાળ લે છે તેના બાળકોનું રક્ષણ ખુદા કરશે.

## ઇમાન

૪૩૯ આસ્થા બુદ્ધિશાળી લોકોની ચાદર અને સંપ ઉત્તમ લોકોની ટેવ છે.

૪૪૦ દુ:ખમાં ધૈર્યવાન ને સુખમાં ઉપકાર માનવો એનું નામ ઇમાન છે.

૪૪૧ મોમિનને માટે દુનિયા એક મેદાન, સુકૃત્યો તેની ઇચ્છા, મરણ તેને માટે બક્ષિસ, ને જન્નત તેની છેવટની જગા છે.

૪૪૨ કાફિરને માટે દુનિયા બગિચો, એ મેળવવો એ એની ઇચ્છા, મરણ એની કમબખ્તી, ને દોજખ એનું છેલ્લું ઠેકાણું છે.

૪૪૩ ખુદાની વધારે બીક રાખનાર એને વધારે ઓળખનાર છે.

૪૪૪ મોમિનને માટે સૌથી ઉત્તમ ભેટ મરણ છે.

૪૪૫ શુદ્ધ ઇમાન રાખો, કેમકે એ જન્નતનો રસ્તો ને દોજખથી બચવાનું સાધન છે.

૪૪૬ શ્રદ્ધા એ મોટી ઇબાદત ને સુકૃત્યો એ સારી ટેવ છે.

૪૪૭ જનાબ અમીરૂલમોઅમેનીન ફરમાવે છે કે ખુદા ઉપર ભરોસો રાખનારને કોઇ સંકટ આવતું નથી.

૪૪૮ હે ઇમાનવાળાઓ ! તમારા જીવોને જન્નત વિના બીજી કોઇ વસ્તુના બદલામાં વેચી ન નાખો.

૪૪૯ જે માણસ મોતને વધારે સંભારે છે તે દુનિયાના માલમાંથી ખપજોગ લઈ સંતોષ પકડે છે.

૪૫૦ જે માણસ આખેરતનો વિશ્વાસ રાખે છે તે દુનિયાથી ગાફિલ ને બેફિકર થઇ જાય છે, ને જે માણસ કૃત્યોના બદલાનો ભરોસો રાખે છે તે નેકી વિના બીજું કામ કરતો નથી.

૪૫૧ જે માણસ ખુદાને ઓળખે છે તે બીજા ઉપર ભરોસો રાખતો નથી.

૪૫૨ જે માણસના મનમાં ઈમાન ને ખુદાની બીકનો વાસ હોય તેને માટે મરણ લાભદાયી છે.

૪૫૩ દુનિયાના અને આખેરતના બાદશાહો ખૂદાની સાથે રહેનાર ફકીરો છે, જે દરેક સ્થિતિમાં ખૂદાની મરજી ઉપર રાજી ને તેના હુકમની લગામના કેદી છે.

૪૫૪ મોમિનો માટે મોતની બરાબર કોઇ શાંતિદાતા નથી.

૪૫૫ મોત કરતાં જલ્દી આવનાર કોઈ વસ્તુ નથી ને ખામોશીથી વધારે સારો કોઇ ખજાનો નથી.

૪૫૬ ઈમાનની ત્રણ નિશાનીઓ છે; (૧) વધારે બીક, (૨) મનોવિકારને કાબુમાં રાખવા, (જિતેન્દ્રિય થવું) (૩) મનોવિકાર પર જય મેળવવો.

૪૫૭ સત્ય શ્રદ્ધાની ત્રણ નિશાનીઓ છે; (૧) દુનિયાની મિથ્યા આશાઓને સંક્ષિપ્ત કરવી, (૨) નિષ્કામ કૃત્યો, (૩) દુનિયાનો મોહ તજવો.

## નાસ્તિક

૪૫૮ કાફિરને ફક્ત દુનિયાની ફિકર રહે છે ને તેની બધી મહેનત તેનેજ માટે છે ને તેની ખાસ ઇચ્છા કામવાસના છે.

## કુરાન

૪૫૯ કુરાનની આયતોને મનન કરીને જુઓ ને એનાથી બોધ ગ્રહણ કરો, કારણ કે કુરાનનાં વચનો બોધદાયક છે.

૪૬૦ કુરાન શીખો, કેમકે એ મનને માટે જીવન છે, એના પ્રકાશથી નિરોગીતા મેળવો, કેમકે એમાં મોમિનોના અંતઃકરણ માટે નિરોગિતા છે.

૪૬૧ કુરાન શિખામણનો માર્ગ દેખાડવા માટે બસ છે.

૪૬૨ ઈમાનનું ફળ કુરાનનું વાંચન છે.

૪૬૩ જે માણસ કુરાન વાંચે છે તેની સમજશક્તિમાં વધારો ને ભૂલાવામાં ઘટાડો થાય છે.

૪૬૪ કુરાન વિષે ફરમાવે છે કે જે લોકો પ્રકાશ મેળવવા ઉત્સુક છે તેમને માટે એ નૂર છે, ને જે લોકો શત્રુઓનો મુકાબલો કરવા ચાહે છે તેમને માટે સનદ ને દલીલ છે ને જે લોકો એ વડે તેમના ઉપર વિજય મેળવવા ઈચ્છે છે તેમને માટે સત્તા અને સાબેતી છે, અને જે લોકો એને

જાળવે તેમને માટે વિદ્યા છે, ને જે એના પ્રમાણે ફેંસલો કરવા ચાહે તેને માટે ફેંસલાના કાયદા કાનુન છે.

૪૬૫ કુરાનની તારીફમાં ફરમાવે છે કે એ તે વચનો છે જે સત્ય અને અસત્યની વચ્ચે ફેંસલો કરનાર છે.

૪૬૬ (કુરાન) એ કાંઇ મિથ્યા ને મશ્કરીની વાત નથી, એ ન્યાયના કાયદા કાનુન બતાવે છે ને ઉપકાર ને દયા કરવાની આજ્ઞા કરે છે, એ ખુદાની મજબૂત દોરી ને ખુદાનું વર્ણન છે, એ ખુદાની મોકલેલી વાણી ને તેને રાજી કરવાનો જબરો ઉપાય છે, એ અંતઃકરણોની હયાતીનું કારણ, વિદ્યાનો મહાસાગર ને સીધો રસ્તો છે, જે માણસ એને અનુસરે તેને માટે શિખામણ, ને જે એની મદદ વડે પોતાની સુંદરતાની આશા રાખે તેને માટે આભુષણ, ને જે પોતાનું રક્ષણ ચાહે તેને માટે દૃઢ કિલ્લો ને વળગવા ચાહે તેને માટે મજબુત દોરી છે.

૪૬૭ કુરાન વિના બીજી કોઈ વસ્તુથી તારી મુક્તિ ન માગ કેમકે એ બધી બીમારીઓની દવા છે.

૪૬૮ જનાબ અમીરૂલમોઅમેનીન કુરાન વિષે ફરમાવે છે કે એની અદ્ભૂતતા પૂરી થતી નથી, એની આશ્ચર્યતા અંતને પામતી નથી (અંત આવતો નથી) ને વહેમ ને શંકાઓ એ વિના બીજાથી દૂર થતાં નથી.

## ભકિત

૪૬૯ ભકિત મજબૂત કિલ્લો છે ને સંતોષ આબરૂને કાયમ રાખનાર છે.

૪૭૦ ભકિત ગરીબની આબરૂ છે ને સત્યતા ધનવાનોનો ભંડાર છે.

૪૭૧ ભકિત કરવામાં મદદ કરે તે ઉત્તમ સાથી છે.

૪૭૨ ખુદાતઆલાનો મેળાપ લોકોનો સંબંધ છોડવાથી થાય છે.

૪૭૩ કુંભારનો ગધેડો જેમ બધે ભટકી ભટકીને પાછો ઠેકાણે આવે છે તેમ વિદ્યા વિના જે ઇબાદત કરે છે તેની ઇબાદત પણ નકામી છે.

૪૭૪ શેતાનના હુમલાથી બચવા માટે નમાઝ એક કિલ્લો છે.

૪૭૫ નમાઝ ખુદાની રહેમત ઉતરવાનું કારણ છે.

૪૭૬ ખુદાની બીક રાખો, એ એક એવી જબરી દોરી છે જેનો છેડો ઘણો મજબુત છે ને એવો કિલ્લો છે જેની ટોચ સુરક્ષિત ને જબરી છે.

૪૭૭ બેશક ! ખુદાએ તમને પોતાથી ડરવાની વસીઅત કરી છે અને એમ કરવાથી ખુદા રાજી થશે એમ ઠરાવ્યું છે. આજે તમે તે ખુદા પાકથી ડરતા રહો જે દરેક વખતે તમને જુએ છે ને જેના હાથમાં તમારી ચોટલીઓ છે.

૪૭૮ બેશક ! દુનિયામાં ઈબાદત વિના સલામત રહેવું અશકય ને અઘરૂં છે, અસંખ્ય માણસો તેની બલામાં ફસાઈ પડયા છે, અને તેમણે પોતાના કલ્યાણ માટે જે કાંઈ એની પાસેથી પ્રાપ્ત કર્યું તે બધું એણે લઈ લીધું. ખુદાએ એમાં મશગુલ થવાની તમને મના કરી છે. અને એની ખરાબીઓથી તમને ખૂબ ડરાવ્યા છે અને હોશિયાર કર્યા છે. એમાં કાંઈ કસર રાખી નથી.

૪૭૯ ખુદાની યાદીથી બધી મુશ્કેલીઓ મટી જાય છે, બધાં કામો સહેલાં થાય છે ને મન પ્રકાશીત થાય છે.

૪૮૦ જે પૂરી હિંમત રાખતા હોય તેજ ખુદાની ઈબાદત કરી શકે છે, ને તેને માટે જીવ જતાં સુધી કોશીશ કરે છે.

૪૮૧ ખુદાની ઈબાદત સીધે રસ્તે પહોંચવાની કુંચી ને નઠારાં કામોને સુધારનાર છે.

૪૮૨ તારા મનને ખુદાની ભક્તિ ને તોબા કરવાની ટેવ પાડ. કેમકે એથી તારા ગુનાહો ધોવાઈ જશે ને પુણ્ય મળશે.

૪૮૩ એકાંતમાં ખુદાની ઈબાદત કરવાથી લાભના ખજાના મળે છે, ને જગતથી વિયોગ કરવાથી બધી ભલાઈઓ હાથ આવે છે.

૪૮૪ જો ખુદાની ભકિત નિયમસર સારી રીતે કરવામાં આવે તો માણસને મોટી પદ્વીએ પહોંચાડી તેની પ્રતિષ્ઠામાં વધારો કરે છે.

૪૮૫ જો નમાઝીને માલમ પડે કે નમાઝમાં તેના ઉપર ખુદાની કેટલી રહેમત ઉતરે છે તો તે સિજદામાંથી પોતાનું માથું ઉપાડેજ નહિ.

૪૮૬ જે માણસ પોતાના ખુદાનો આજ્ઞાધારક થાય છે તેની બધી વસ્તુઓ ગુલામ ને તાબેદાર થાય છે.

૪૮૭ જે માણસ ખુદાને ભુલી જાય છે, ખુદા તેને તેનો જીવ પણ ભૂલાવી દે છે.

૪૮૮ જે માણસ ખુદાની આજ્ઞા ઉપર માથું નમાવે છે તે દરેક કામમાં તેની મદદ મેળવી શકે છે.

૪૮૯ જે માણસ ખુદાનો પ્રેમ રાખે છે તે લોકોના સ્નેહથી કંટાળેલો ને ગભરાયેલો રહે છે.

૪૯૦ જે માણસને ખુદા દુઆની પ્રેરણા કરે છે તેની દુઆ કબુલ થાય છે તે નાઉમેદ થતો નથી.

૪૯૧ જે માણસને ખુદા તોબાની પ્રેરણા કરે છે તે તેના સ્વિકારથી નિરાશ થતો નથી. જે માણસ ફકત ખુદાને માટે નેક કામ કરે છે તે પોતાની મતલબમાં પાર પડે છે.

૪૯૨ જે માણસ ખુદાની તાબેદારીનો સ્વિકાર કરે છે તે તેની સેવામાં પસંદ અને કબુલ થાય છે.

૪૯૩ જે માણસ ખુદાની ભક્તિ કરતો નથી તે પોતાના જીવ ઉપર જુલમ કરે છે, ને જે માણસ પોતાની તકલીફ લોકોને કહે છે તે પોતાને મુશીબતમાં નાખે છે.

૪૯૪ જે માણસ કોઇ ગયેલી વસ્તુ માટે પશ્ચાતાપ ને આવનારી વસ્તુ ઉપર ખુશી કરતો નથી તે તપના બે પ્રકારનો સ્વિકાર કરે છે.

૪૯૫ જે માણસ ખુદાની ભક્તિ કરે છે તો ભલેને દુનિયામાં કોઇ માણસ તેનાથી નારાજ હોય તો પણ કોઇ તેને ઇજા કરી શકતું નથી.

૪૯૬ તારી દુઆ કબુલ થતાં વાર લાગશે એમ ન ધાર પણ તેં ગુનાહો કરીને દુઆ કબુલ થવામાં વાર થવાનું કારણ ઉત્પન્ન કર્યું છે.

૪૯૭ કોઇ પણ ગુનેહગારે ખુદાની દયાથી નિરાશ થવું ન જોઇએ. ઘણાક માણસો એવા છે જે આખી ઉમર સુધી ગુનાહ કરે છે ને છેવટે કોઇ એવું કામ કરે છે કે બધા ગુનાહો ધોવાઇ જાય છે; ને કેટલાક એવા પણ છે જે આખી ઉમર નેક કામ કરે છે પણ છેવટે કોઇ એવું નઠારૂં કામ કરે છે જેથી તેમનાં બધાં સુકૃત્યો એળે જાય છે ને તેઓ જહન્નમમાં ચાલ્યા જાય છે.

૪૯૮ મનન કરવાની બરાબર કોઈ ભક્તિ નથી, ને નઠારાં કામની બીક દેખાડીએ તેની બરોબર કોઈ ઉપદેશ ને શિખામણ નથી.

૪૯૯ ભક્તિની બરાબર કોઈ આબરૂ નથી, ને સંતોષની બરાબર કોઇ ખજાનો ને બક્ષિસ નથી.

૫૦૦ મૌનની બરાબર કોઇ ઇબાદત નથી.

૫૦૧ ફરજ અદા કરવાની બરાબર કોઇ ઇબાદત નથી.

૫૦૨ જે માણસ પોતાના જીવનો માલિક નથી, તે ખુદાના કોપથી નિર્ભય થતો નથી.

## ધર્મ

૫૦૩ મઝહબને સંપૂર્ણ રીતે અનુસરનારા માણસને ધર્મ મુસીબતોથી બચાવે છે, ધર્મથી ઇજ્જત અને દુનિયાથી અપમાન થાય છે.

૫૦૪ ધર્મના કામમાં જેનું મગજ જાગતું છે તે મોટી બક્ષિસ છે.

૫૦૫ પયગંબર સાહેબ (સ. અ.) ના બાંધેલા રસ્તા ઉપર ચાલો, કેમકે તે બધા તરીકા કરતાં ઉત્તમ છે, અને તેમના કૃત્યોની પેરવી કરો, કેમકે એમની સુન્નત એ સીધો રસ્તો છે.

૫૦૬ કાબાની હજ દોજખની શિક્ષામાંથી બચાવે છે.

૫૦૭ આત્માને દુનિયાના સ્વાદોથી રોકવો એ ઉત્તમ રોજો છે.

૫૦૮ જન્નતને તેજ માણસ પ્રાપ્ત કરી શકશે જેણે પોતાના જીવને સંકટમાં નાખ્યો છે.

૫૦૯ જે માણસ ખુદાથી ડરે છે તેને કોઈની બીક રહેતી નથી.

૫૧૦ જે માણસને ભરોસો છે કે કયામતમાં તેના મોંમાંથી નીકળેલી વાતો માટે પકડવામાં આવશે તેણે બહુજ થોડું બોલવું જોઇએ અને થોડી વાતો કરવી જોઇએ.

૫૧૧ જે માણસ ખુદાની જનાબમાંથી આબરૂ ચાહે છે તેને ખુદા આબરૂ આપે છે.

૫૧૨ જે માણસ ખુદાની ઇબાદતને પોતાનો રિવાજ બનાવે છે તે સૌથી મોટી બક્ષિસ મેળવવા ભાગ્યશાળી થાય છે.

૫૧૩ ખુદાની પાસે કોઇ કૃત્ય એથી વધારે વહાલું નથી કે એક મુસલમાન બીજા મુસલમાનનું કોઇ કષ્ટ દૂર કરે.

૫૧૪ ખુદાની અનુકુળતાની બરાબર કોઇ મદદ નથી.

૫૧૫ ખુદાની બીકની બરાબર રસ્તાનું કોઇ ભાથું નથી ને ખુદાની મરજી ઉપર રાજી રહેવાની બરાબર ઇસ્લામની કોઈ ટેવ નથી.

## ઉપકાર

૫૧૬ નેમતોનો ઉપકાર માનવાથી વધારે નેમતો મળે છે.

૫૧૭ ઉપકાર માણસને ગુલામ બનાવી દે છે ને ઉપકાર કરી કહી દેખાડવાથી ઉપકાર ખરાબ થાય છે.

૫૧૮ ઉપકાર ન માનવાથી બક્ષિસો દૂર જાય છે ને જુલમ શક્તિ ને પ્રતિષ્ઠાનો નાશ કરે છે.

૫૧૯ પરોણાચાકરી ઉત્તમતાની નિસરણી ને અહંકાર નાશની જડ છે.

૫૨૦ માણસોની સાથે ઉપકારથી વર્તે તે કરીમ છે અને આપીને કહી દેખાડે તે બખીલ છે.

૫૨૧ ઉપકાર ન માનનાર ઉપર ઉપકાર કરવો એ મોટામાં મોટો ગુનાહ છે. અને અનુભવ મેળવ્યા વિના કોઈના ઉપર વિશ્વાસ કરવો એ હુશિયારીથી વિરૂધ્ધ છે.

૫૨૨ શત્રુ ઉપર ઉપકાર કરવો એક પ્રકારનો વિજય છે.

૫૨૩ ઉપકાર માનવો એ ઉત્તમ બદલો છે.

૫૨૪ ઉપકાર એવી વસ્તુ છે કે બધાં સારાં કામ કરતાં એનો બદલો જલદી મળે છે અને જેથી સખત નુકસાન થાય છે તે અહંકાર છે.

૫૨૫ ઉપકાર (કરીને) ભૂલી જવો એ ઉત્તમ બક્ષિસ છે.

૫૨૬ જ્યારે કોઈ માણુસ તારા ઉપર ઉપકાર કરે તો તું તે યાદ રાખ ને તું કોઈના ઉપર ઉપકાર કરે તો તે ભૂલી જા.

૫૨૭ ઉપકાર કર, કેમકે એ ઉત્તમ ખેતી ને સારી પુંજી છે.

૫૨૮ પરોપકાર કરો કેમકે એ કયામતને માટે ઉત્તમ ભાથું છે.

૫૨૯ બક્ષિસોનો ઉપકાર માનવાથી એ કાયમ રહે છે, ને ઉપકાર ન માનવાથી એમાં ઘટાડો થાય છે.

૫૩૦ વધારે બક્ષિસોની સંપૂર્ણતા ઉપકાર માનવાથી, અને વિજય તથા ખુદાની સહાયતા ધીરજ રાખવાથી મળે છે.

૫૩૧ કોઈની બક્ષિસોના ઇનકાર કરનાર માણુસ ખુદાની કૃપાનો ઇનિકાર કરનાર છે.

૫૩૨ બક્ષિસોનો ઉપકાર ન માનવાથી અનેક જાતના કોપ ઉતરે છે.

૫૩૩ માણુસની સાથે જ્યાં સુધી ઉપકાર કરવામાં ન આવે ત્યાં સુધી તે ગુલામ થતો નથી.

૫૩૪ જે માણુસ બક્ષિસોનો ઉપકાર માને છે તેની બક્ષિસો હંમેશાં કાયમ રહે છે.

૫૩૫ જે માણુસ તારી આશા રાખે છે તેને નિરાશ ન કર.

૫૩૬ જે માણુસ શક્તિ છતાં પરોપકાર કરતો નથી તેની શકિત ને તાકત છીનવી લેવામાં આવે છે.

૫૩૭ જે માણુસ લાગલાગટ ઉપકાર માને છે, તેના ઉપકાર કરનાર માણુસો તેની ઉપર નિરંતર ઉપકાર કરે છે.

૫૩૮ જે માણુસ પોતાની બક્ષિસો લોકોને આપતો નથી તે પશુમાં ગણુવા લાયક છે.

૫૩૯ જે માણુસ ખુદાની આગળ દુઆ કરે છે તેની દુઆ ખુદા કબુલ કરે છે, ને જે માણુસ તેનો ઉપકાર માને છે તેની બક્ષિસોમાં ખુદા વધારો કરે છે.

૫૪૦ જે માણુસ ઉપર ખુદા પોતાની બક્ષિસોનો વધારો કરે છે તો તેને લાયક છે કે લોકો ઉપર પોતે પણ વધારે બક્ષિસો કરે.

૫૪૧ ઉપકારની ,ખુબી તે ન કહી બતાવવામાં આવે તેના ઉપર છે.

૫૪૨ ઉપકાર માનવાથી બક્ષિસ કાયમ રહે છે ને નેકી કરવાથી ખુદાની દયા ઉતરે છે.

## ન્યાય

૫૪૩ ન્યાય મોટાઈની નિશાની છે.

૫૪૪ ન્યાય કરવામાં કુદરતની અનુકુળતા, રાજ્યની દૃઢતા ને સ્થાયીપણાનું રૂપ દેખાય છે.

૫૪૫ જે માણસ બીજાની સાથે ન્યાયથી વર્તે છે તેની સાથે લોકો પણ ન્યાયથી વર્તે છે.

૫૪૬ જે માણસ ન્યાય કરે છે તેની આબરૂ વધી જાય છે, ને જે માણસ જુલમની ચાલ ચાલે છે તેની ઉમર ઘટી જાય છે.

૫૪૭ જે માણસ દેશમાં ન્યાય જારી કરે છે ખુદા તેના ઉપર પોતાની કૃપા ઉતારે છે.

૫૪૮ નિર્બળોને તારા ન્યાયથી નિરાશ ન કર.

## ધન અને ગરીબી

૫૪૯ ધન સંકટોનો નાશ કરે છે.

૫૫૦ ધન સાધારણ માણસને સરદાર બનાવી દે છે અને કમજોરને બળવાન બનાવે છે.

૫૫૧ ગરીબીથી કબર સારી છે.

૫૫૨ ગરીબી એવી આફત છે કે ગરીબ માણસ પોતાની દલીલો કહેતાં મુંગો ને લાચાર બની જાય છે.

૫૫૩ દોલત ટંટાઓની જડ, ઉપાધીઓનું સાધન, કષ્ટનું કારણ ને આફતોની સવારી છે.

૫૫૪ થોડી દોલત પણ જો નિયમસર ખરચાય તો ઘણી છે, ને ઘણી દોલત જો ઉડાઉપણાથી ખરચાય તો થોડી છે.

૫૫૫ માલદાર હોય તો કરકસરથી ખરચ કર.

૫૫૬ જે ખુદાની વહેંચણી ઉપર રાજી છે તે સૌથી વધારે ધનવાન છે.

૫૫૭ બેશક ! જ્યારે માણસ મરણ પામે છે ત્યારે લોકો કહે છે કે તે આટલું ધન ને આટલાં છોકરાં મૂકીને મરણ પામ્યો છે, અને ફરિશ્તાઓ કહે છે કે એણે કેટલો માલ ખુદાના રસ્તામાં વાપર્યો છે. માટે હે અલ્લાહના બંદાઓ ! ખુદા તમારા બાપદાદાઓનું ભલું કરે, તમને લાયક છે કે તમે અમુક માલ ખુદાના રસ્તામાં વાપરો, બધો મૂકીને ન મરી જાઓ; નહિ તો એ બધો તમારા માથા ઉપર લાદવામાં આવશે.

૫૫૮ એવી સ્થિતિમાં રહો કે ખુદાએ તમને જે બક્ષિસો આપી છે તેની નિશાની જાણવામાં આવે, અર્થાત્ ખુદા આપે તો તેને ખરચવામાં કંજુસાઈ ન કરો.

૫૫૯ ઉડાઉપણામાં કુલીનતા નથી ને વચલો માર્ગ પકડી કરકસરથી ચાલવાથી માલનો નાશ થતો નથી.

૫૬૦ જો માણસની આજીવિકા તેમની બુધ્ધિનાં પ્રમાણમાં વહેંચવામાં આવી હોત તો બિચારાં પ્રાણીઓ અને મૂર્ખોને ભાગે થોડી જ રોજી આવત ને તેઓ ભૂખથી મરી જાત.

૫૬૧ જે માણસ પોતાની ઈચ્છા પુરી કરવામાં પૂરી કોશિશ કરે તે ખુદાની મહેરબાનીથી પોતાની ઈચ્છામાં પાર પડે છે.

૫૬૨ જે માણુસ દુઃખ સહન કરે છે ને સાહસકર્મ કરે છે તેને દોલત મળે છે.

૫૬૩ જે માણુસ લોકોની સાથે નરમાશથી વર્તે છે તેની રોજી વધે છે.

૫૬૪ જે માણુસ ધનવાન હોય છે તેને તેના ઘરવાળા પણ માન આપે છે, ને જે માણુસ કંગાલ હોય છે તે તેના ઘરવાળાની નજરમાં પણ હલકો ને તૂચ્છ દેખાય છે.

૫૬૫ જે માણુસ એવી ઇચ્છા રાખે છે કે તે પૈસા વિના ધનવાન, હકુમત ને રાજ્ય વિના આબરૂદાર, ને કુટુંબ વિના નાતનો શેઠ થઈ જાય તો તેને લાયક છે કે ખુદાની નાફરમાનીના અપમાનથી નીકળીને તેની તાબેદારીની ઇજ્જત મેળવે તો તે બધી વસ્તુઓ તેને મળશે.

૫૬૬ જે માણુસ સુકૃત્યો કરવામાં કચાશ રાખે છે તેને ખુદા ફિકર અને શોકના રોગમાં ફસાવે છે, ને ખુદાને એવા માણુસની કશી જરૂર કે પરવાહ નથી જે પોતાના જીવ અને માલમાં તેનો ભાગ નક્કી કરતો નથી; અર્થાત્ શારીરિક ને સાંપત્તિક ભક્તિ કરતો નથી. (નમાઝ, રોઝા, ઝકાત, ધર્મદાન સદકો કરવાની વગેરે).

૫૬૭ જે માણુસ દોલતમંદી ને ફકીરીમાં વચલો માર્ગ ગ્રહણ કરે છે તો તે બેશક જગતની મુસીબતો દફે કરવાનો સામાન કરે છે.

૫૬૮ જે માણસને ભૂખમરો વધારે સંતાપે છે ને તેની સાથે જ રહે છે તેને લાયક છે કે નીચેના શબ્દો વારંવાર પઢે. (લાહોલ વલા કુવ્વતા ઇલ્લા બિલ્લા હિલ અલીયીલ અઝીમ) ગુનાહોથી બચવું અને ભક્તિની શકિત પામવી મહાન ખુદાની અનુકુળતા ને મદદ વિના થતું નથી.

૫૬૯ જે માણસ ખુદાનો શુક્ર કરે છે તેને ખુદા ધનવાન કરી દે છે ને જે માણસ તેની સેવા કરે છે તેને તે મહાન પુરૂષ બનાવી દે છે.

૫૭૦ રોજીમાં વધારો ઘટાડો કરનાર ખુદા વિના બીજો કોઈ નથી.

૫૭૧ હે આદમના દિકરા! તારી આજીવિકા તારા કરતાં પણ વધારે તારી શોધખોળમાં છે માટે તને લાયક છે એને ખોળવા માટે શરીઅતના સીધા રસ્તા પર ચાલ.

## દેવું

૫૭૨ દેવું એ તાબેદારી છે અને તે આપી દેવું એ સ્વતંત્રતા છે.

૫૭૩ ગરીબીમાં દેવાદાર થવું એ એક મરણ રૂપ છે ને ધર્મથી ખાલી હાથ રહેવું એ મોટી કમનસીબી છે.

## શિખામણ

૫૭૪ નવરાશનો વખત જલદી જતો રહે છે અને ઘણા સમય પછી પાછો આવે છે.

૫૭૫ નીચને માન આપવું એ એવું ખોટું કામ છે જેવું ખાનદાની માણસને માન આપવું એ સારૂં કામ છે.

૫૭૬ ક્રોધ એ અપમાનની સવારી છે.

૫૭૭ નવરાશને ખોવી એ મોટી મુસીબત છે.

૫૭૮ નવરાશ વાદળાંની પેઠે નાશ પામે છે.

૫૭૯ તારા ખડીઆને સ્વચ્છ રાખ, ને લેખણની અણી લાંબી રાખ, બે લીટીઓ વચ્ચે જગા રહેવા દે, ને અક્ષરોને મેળવીને લખ, તેથી લખાણ સુંદર દેખાય છે.

૫૮૦ દુનિયાના મોહમાં પડવાથી બચજે, કેમકે એનું પરિણામ એ છે કે તને દુઃખમાં નાખશે, અને નાશવંત જગતને બદલે સદા રહેનાર આખેરતને વેચવા માટે ફરજ પાડશે.

૫૮૧ બહુજ પાસેની વસ્તુ મરણ છે અને ઘણી દૂરની વસ્તુ આશા છે.

૫૮૨ બેશક દુનિયા એવું ઘર છે જેનો આરંભ દુઃખ ને અંત નાશ છે.

૫૮૩ બેશક ! દુનિયામાં ભલાઇ ઓછી, બૂરાઇ હાજર, સ્વાદ ઓછો, ને પશ્ચાતાપ વધારે છે; અને ખુશી ને આરામ દુઃખથી મિશ્રિત છે. એની ભલાઇઓ ધિક્કારથી ભરેલી, એનો લાભ નુકશાનની સાથે ગંઠાએલો, ને એની મિઠાશ કડવાશની સાથે મિશ્ર છે.

૫૮૪ બેશક ખુદાએ દુનિયાને આખેરત સંપાદન કરવાનું સાધન બનાવી છે ને દુનિયાના લોકોને એમાં ફસાવ્યા છે કે જેથી જણાઇ આવે કે એમાં કોણ સારાં કામ કરે છે.

૫૮૫ તમે તમારાં માબાપની સાથે ભલાઇ કરો કે તમારાં છોકરાં તમારી સાથે ભલાઇ રાખે.

૫૮૬ ખુદાને રાજી રાખ, કેમકે તું જેટલો તેને રાજી રાખીશ તેટલો જ તે તને રાજી રાખશે.

૫૮૭ દુનિયા છોડી દઇને આખેરત મેળવો, દીન છોડીને દુનિયા સંપાદન ન કરો.

૫૮૮ કોઇપણ શહેર તારા પોતાના શહેર કરતાં તારા રહેઠાણ માટે વધારે હકદાર નથી, ને સૌથી સારૂં શહેર તેજ છે જેમાં તારૂં રહેઠાણ હોય.

૫૮૯ જે ખુદા ઉપર ભરોસો રાખે છે તેનાં બધાં કામો તે પૂરાં કરે છે અને તેને કોઇ જાતની ચિંતા રહેતી નથી.

૫૯૦ જે માણસ તારો હુકમ માને છે તે તારી કદર કરે છે.

૫૯૧ જે માણસ આબરૂ આપવાથી પણ સીધો ન થાય તેનું અપમાન કરી ઢેઢફજેતી કરવાથી સીધો દોર થઇ જાય છે.

૫૯૨ જે માણસ લોકોને મદદ આપતો નથી તેને કોઈ મદદ આપતો નથી.

૫૯૩ જે માણસ દીનના ઇલ્મથી બેખબર રહીને વેપાર અને લેવડદેવડ કરે છે તે જરૂર વ્યાજના ધંધામાં પડી જાય છે.

૫૯૪ જે માણસ ખુદા ઉપર ભરોસો રાખે છે તેનાં બધાં કામ પૂરાં થાય છે ને તેને ખુદા વિના બીજા કોઈની જરૂર રહેતી નથી, ને જે માણસ ખુદાનું દ્વાર છોડીને બીજાના બારણા પર જાય છે તે કમનસીબીમાં પડે છે અને જાતજાતની તકલીફો ખમે છે.

૫૯૫ જે માણસ બંદા તરીકેની શરતો બરાબર પાળે છે તે સ્વતંત્રતાને લાયક થાય છે, ને જે માણસ કુલીનતાનાં કામો કરતો નથી તેને ગુલામ બનાવવામાં આવે છે.

૫૯૬ જે માણસ એવી વસ્તુઓની ઇચ્છા રાખે છે જેને માટે તે લાયક નથી તો તેને નિરાશાની સજા મળે છે.

૫૯૭ જે માણસ પરિણામનો રાહ જૂએ છે તે સંકટોથી બચે છે, ને જે માણસ ધીરજ રૂપી બખ્તર પહેરે છે

ને તેને પોતાની ઢાલ બનાવે છે તેનાં ઉપર બધી મુસીબતો સ્હેલી થઇ જાય છે.

૫૯૮ જે માણસ ખુદાથી મદદ માગે છે તેને એટલી શકિત ને બળ મળે છે જેનો કોઇ માણસ મુકાબલો કરી શકતો નથી.

૫૯૯ જે માણસ પોતાના મનને દરેક ખાહેશ પુરી કરવાની રજા આપે છે તે તેને અંધારા ને ભૂલા પડે એવા માર્ગમાં લઇ જાય છે.

૬૦૦ તે માણસ મોટો ગુનેહગાર છે જે માણસ ખુદાને નારાજ કરીને જગતનું રાજીપણું સંપાદન કરે છે.

૬૦૧ દુનિયા એક ઝેરી સાપના જેવી છે, જેનું શરીર હાથ ફેરવવાથી રેશમ જેવું સુંવાળું દેખાય છે પણ એનું પેટ ઝેરથી ભરેલું છે; બેવકુફ ને નાદાન લોકો એના ઉપર ફિદા ફિદા છે પણ બુદ્ધિશાળી માણસો એનાથી દૂર નાસે છે.

૬૦૨ તમને જે શીખામણ આપવામાં આવી હતી તે ભૂલી ગયા ને જે વસ્તુથી બીવડાવ્યા હતા તેથી નિડર થઇ ગયા. તેથી તમારો છૂટકો નઠારો ને તમારી સ્થિતિ ખરાબ થઈ ગઇ.

૬૦૩ તારી સ્ત્રી અને તારા ગુલામને તારી ગુપ્ત વાતો જાહેર ન કર, નહિ તો તે તને પોતાનો ગુલામ બનાવી લેશે, ને કામવાસના તથા ક્રોધમાં હદથી વધીન જા, નહિ તો એ બંને તને કલંકિત કરશે.

૬૦૪ દુનિયાનો મોહ ન રાખ, નહિ તો આખેરતમાં નુકશાન થશે, અને નીચ માણસોનો સંબંધ છોડી દે, નહિ તો તારો દરજ્જો ઘટી જશે.

૬૦૫ દુશ્મન અગર જો નિર્બળ હોય તો પણ તેને તુચ્છ ન ગણ ને માગનાર જો ઉડાઉ હોય તો પણ તેને ખાલી હાથ ન કાઢ.

૬૦૬ જો કોઇ કદર જાણનાર ન મળે તો પણ તું તારી નેકીને બંધ ન કર.

૬૦૭ જે માણસ દીનનું રક્ષણ ખોળે છે તેનાથી લડાઇ ન કર, કેમકે જે માણસ દીનનો મુકાબલો કરે છે તે હારી જાય છે, ને જે માણસ ખુદાની મદદ માગે છે તેનો મુકાબલો ન કર, કેમકે જે ખુદાનો મુકાબલો કરે છે તે પરાભવ પામે છે.

૬૦૮ સ્ત્રી પર તને એટલી સત્તા છે કે તું તેની સાથે પ્રેમ કરી તારી ઇચ્છા પૂરી કરે ને ફુલની પેઠે તેની સુગંધીથી લાભ મેળવે, તને એ લાયક નથી કે તું તેને ગુલામ કે ઘરની જાળવનાર સમજે.

૬૦૯ જે માણસ ખુદાની મદદ માગે છે તે હારતો નથી, ને જે માણસ સત્યને પોતાની દલીલ બનાવે છે તેનો કોઇ મુકાબલો કરી શક્તો નથી.

૬૧૦ ખુદાની બીક એ સદ્‌ગુણનો સરદાર ને નરમાશ એ સ્વભાવનું ભૂષણ છે.

## આલે રસુલ

૬૧૧ તે લોકો ક્યાં ગયા જેઓ કહેતા હતા કે અમે તો વિદ્યાના પૂરા પ્રકાશથી સુશોભિત છીએ પણ અમને (આલે નબીને) તેની સાથે કાંઈ સંબંધ નથી ! તેમનો એ વિચાર તદ્દન ભૂલભરેલો અને અમારી દુશ્મની ને વિરૂદ્ધતા ઉપર અવલંબી રહ્યો હતો. તેમને એ ઈર્ષા હતી કે ખુદાએ અમને (આલે નબીને) ઉત્તમ પ્રતિષ્ઠા બક્ષી છે, અને એમને કનિષ્ઠ પદવી આપી છે; અમને પોતાની બક્ષિસોથી ન્યાલ કરી દીધા અને એમને કષ્ટમાં રાખ્યા. અમને પોતાની દયામાં રાખ્યા, ને એમને દયાથી દૂર રાખ્યા. અમારા કારણથી લોકોને સીધો રસ્તો

જડે છે અને ભૂલા પડતા નથી. અમારા શત્રુઓનાં સંબંધથી એ ઉત્તમ વસ્તુ એમને મળતી નથી. કાલે કયામતને દિવસે તું તારા પરવરદિગારથી મળે તો તે તારાથી રાજી થાય એમ તું ઇચ્છે છે તો બીક અને સત્યને ઝાલી રાખ, કેમકે દીનનો બધો આધાર એ બે ઉપર છે. સત્યપૂજક લોકોની સાથે રહેજે અને સુકૃત્યોમાં એમની પાછળ પાછળ ચાલજે, એમ કરીશ તો તું એમની ટોળીમાં દાખલ થઇશ.

૬૧૨ હઝરત પેગંબર સાહેબ (સ૦ અ૦) ને દફન કરતી વખતે હઝરત અમીરૂલમોઅમેનીન (અ૦ સ૦) નીચેના વચનો બોલ્યા હતા:

(૧) બેશક! ધૈર્ય ઉત્તમ વસ્તુ છે પણ આપના વિયોગમાં ધૈર્ય ઉત્તમ વસ્તુ નથી.

(૨) બેશક! બેકરારી નઠારી વસ્તુ છે પણ આપની વફાતથી બેકરાર થવું એ નઠારી વસ્તુ નથી.

(૩) બેશક! આપની વફાતનું દુઃખ ઘણું અસહ્ય છે એવા બનાવ પહેલાં પણ બન્યા છે અને આપની પછી પણ કેટલાંક દુઃખો પડશે.

૬૧૩ લોકો પર અમારો એ હક છે તેઓ અમારી તાબેદારી ને વાલીપણાને કબુલ રાખે તેમને તેના બદલામાં ખુદાની તરફથી સારો બદલો મળશે.

૬૧૪ જે માણસ અમારા બોધ પ્રમાણે ચાલશે તે આખેરતમાં સૌથી પહેલાં મુસલમાન થએલા લોકોની સાથે હશે.

૬૧૫ જે અમારી હોડી વિના બીજી હોડીમાં બેસશે તે ડુબી જશે.

૬૧૬ જનાબ અમીરૂલમોઅમેનીન પોતાના મિત્રો વિષે ફરમાવે છે કે જે માણસના મનમાં અમારી મહોબત હોય ને જીભથી અમારો સંગાથી હોય અને તલ્વાર લઇને અમારા શત્રુઓની સાથે લડે તો તે જન્નતમાં અમારી સાથે ને અમારી સમાન હશે; અને જે માણસ મનમાં અમારી મહોબત ને જીભથી અમારી મદદ કરે ને હાથોની સાથે અમારા દુશ્મનોથી ન લડે તો તે જન્નતમાં અમારી સાથે તો હશે પણ દરજ્જામાં અમારાથી નીચે રહેશે.

૬૧૭ જે માણસ પોતાના મનમાં અમારી મહોબત રાખે છે ને જીભથી અમને ખોટા નથી કહેતો તે જન્નતમાં અમારી સાથે હશે.

૬૧૮ જનાબ અમીરૂલમોઅમેનીન (અ૦ સ૦) પોતાના મિત્રો માટે ફરમાવે છે કે જે માણસ અમારી મિત્રતાનો દાવો કરે છે તેને લાયક છે કે મુસીબતો ને સંકટો આવી પડે તેને માટે ધૈર્યનો પોષાક ને ચાદર તૈયાર રાખે, ને જે માણસ અમારી એટલે અહલેબૈતની પ્રીતિનો દમ ભરે છે તેને લાયક છે કે મુસીબત ને સંકટો માટે સહનશિલતાનું બખ્તર પહેરે.

૬૧૯ જે માણસ પોતાની પથારી પર મરી જાય છે પરંતુ તે પોતાના ખુદાના, તેના રસુલ (સ. અ.)ના

ને તેમની આલના હક જાણે છે તો તે શહાદતની મોતે મરે છે.

૬૨૦ જનાબ અમીરૂલમોઅમેનીન પોતાની જાત માટે ફરમાવે છે કે જ્યારથી મને સત્ય માલુમ પડ્યું છે ત્યારથી મેં એમાં કદી શંકા કરી નથી, હું કદી જૂઠ બોલ્યો નથી ને મને કોઇએ જૂઠો ગણ્યો નથી, હું ખરા રસ્તાથી વિમુખ થયો નથી તેમજ મારા વડે કોઇ માણસ હકથી ફર્યો નથી.

૬૨૧ કુરાન શરીફની દરેક આયત કેવા સંજોગોમાં ઉતરી તે મને માલુમ છે, વળી દરેક આયત માટે મને એ પણ માલુમ છે કે તે કયે સ્થળે ઉતરી, પહાડ પર કે મેદાનમાં, રાત્રે કે દિવસે, વળી મારા પરવરદિગારે મને સમજુ દીલ અને બોલનારી જીભ બક્ષી છે.

૬૨૨ જે માણસ અમારી તાબેદારી કરે છે તે આબરૂનો માલિક થશે ને અમારી વિરૂદ્ધ વર્તશે તે ખરાબ થશે.

૬૨૩ અમારા ટોળાની પૈરવી ગુનાહોની માફીનો માર્ગ ને સલામતીનો દરવાજો છે, જે માણસ એમાં પ્રવેશ કરશે તે સલામત રહેશે ને મુકિત પામશે, જે પાછો હઠશે તે નાશ પામશે.

૬૨૪ અમારી જમાત એક મજબુત જમાત છે કે ભવિષ્યમાં આવનાર એને અનુસરશે ને હદથી વધી જનાર પણ છેવટે એની તરફ વળી જઇ એનો આશરો લેશે.

૬૨૫ અમે ખુદા તરફથી એની સૃષ્ટિને માટે અમીન છીએ, ને એના મુલકમાં સત્યને કાયમ કરનાર ને તેના મદદગાર છીએ, અમારી સાથે પ્રેમ રાખનાર મુક્તિ પામશે ને અમારી ઈર્ષા ને વેર રાખનાર નાશના કુવામાં પડશે.

૬૨૬ અમે એટલે નબી સાહેબ (સ૦ અ૦) ના આલ, નબુવ્વતનુ વૃક્ષ, રિસાલતના ઉતરવાનું ઠેકાણું, ફરિશ્તાઓના આવવા જવાની જગા, હિકમતના વહેણ ને વિદ્યાની ખાણો છીએ, કેમકે હઝરત રસુલે ખુદા (સ૦અ૦)અમારામાંથી છે. અમારો મિત્ર ને મદદગાર ખુદાની કૃપાનો ઉમેદવાર છે ને અમારો વિરોધી ને શત્રુ તેના કહેર ને કોપની રાહ જોનાર અને તેને લાયક છે.

૬૨૭ અમે લોકો હઝરત રસુલે ખુદા (સ૦ અ૦) ની ગુપ્ત વાતો જાણનાર અસ્હાબ અને નબુવ્વતના ઘરનો ઉમરો ને દ્વાર છીએ.

૬૨૮ એ નવાઇની વાત છે કે મારા વિરોધીને ખીલાફતની પદવી ફક્ત એટલા માટે મળે કે તે સહાબી છે ને હું સહાબી તથા જનાબ રસુલે ખુદા (સ૦ અ૦) ની પાસેનો હોવા છતાં મળે નહિ.

૬૨૯ ખુદા પાકની કસમ છે કે દુનિયામાંથી શાંતિ ને સત્યતાને તે લોકોએ ખોઈ છે જે કાફિર મુન્કિર, મુનાફિક ને બેદીન છે, અર્થાત્ તેમના કારણથી લોકોએ શાંતિ અને સત્ય તેમનાં હકદારો પાસેથી લઈ લીધાં.

૬૩૦ જનાબે રસુલે ખુદા (સ૦ અ૦)ની વફાતની વખતે હું આપની પાસે મોજુદ હતો. ને આપનું પાક માથું મારી છાતી ઉપર હતું. આપનો જીવ મારા હાથમાં ગયો, જયારે આપનો આત્મા સિધાવી ગયો તો મેં મારા હાથ મારા ચહેરા પર ફેરવ્યા કે એ જીવની બરકત બાકી રહે. મેં આપને નવડાવવાનો બંદોબસ્ત કર્યો, એ કામમાં ફરિશ્તાઓ મારી સાથે હતા, બધું ઘર, ઓશરી અને આંગણું ફરિશ્તાઓથી ભરાઇ ગયાં, ફરિશ્તાઓનું એક ટોળું નીચે આવતું ને એક ઉપર જતું ને હું તેમનો અવાજ સાંભળતો હતો કે તેઓ આપના ઉપર દુરૂદ પઢે છે, ને જયારે અમે આપને કબરમાં દફન કર્યા તો ફરિશ્તાઓનો અવાજ બંધ થઈ ગયો માટે કોણ માણસ છે કે જેને હયાતી ને મરણની વખત મારા કરતાં વધારે સમીપતા મળી હોય!

૬૩૧ લોકોને જણાશે કે મારી નજરમાં દુનિયાની કિંમત બકરીની એક જાંઘ કરતાં પણ ઓછી છે.

૬૩૨ બનીઉમૈયા વિષે ફરમાવે છે કે એમણે આખેરતની સ્વાદિષ્ટ જિન્દગીને છોડી દીધી દુનિયાની થોડા દિવસની જિંદગી તરફ વળી ગયા ને ત્યાંની નિત્યની બક્ષીસોને છોડી દીધી.

૬૩૩ હઝરત રસુલે ખુદા (સ૦ અ૦) ની આલની તારીફમાં ફરમાવે છે કે એ લોકો ઈસ્લામના થાંભલા ને શરીઅતને અનુસરવાનાં સાધનો છે, એમના

પ્રતાપથી જગતમાં એકતા અને સત્યની જડ નવેસરથી કાયમ થઈ ને શિર્ક તથા અસત્ય પોતાની જગાએથી ખસી ગયાં ને એમની જીભ જડથી કપાઈ ગઇ, એ લોકોએ દીનને પુરી રીતે સમજ્યો ને એની સંભાળ રાખી ફક્ત કાનોથી સાંભળી બીજાને કહી દીધું એટલું જ નહિ પણ એ લોકો રસુલે ખુદા (સ૦ અ૦) ની ગુપ્ત વાતો જાણનાર આપના દીનના મદદગાર, આપની વિદ્યાના રક્ષણ કર્તા, આપની આજ્ઞા માન નારા, આપના મદદગાર અને આપના દીનના પહાડ છે એ લોક મુસલમાનોમાંથી ચુંટી કાઢેલા મહાન પુરૂષો ને ખુદાની દયાના ભંડાર છે, જો કલામ કરે છે તો સત્ય બોલે છે, ને જો ખામોશ હોય છે તો એમની દહેશતના કારણથી કોઇ પ્રથમ બોલી શકતું નથી. એ ઇમાનના ખજાના ને ઉપકારની ખાણ છે જો ફેંસલો કરે તો ન્યાય કરે છે, જો કોઇનો મુકાબલો કરે તો વિજયી થાય છે. એ લોકો દીનની જડ અને આસ્થાના થાંભલાં છે. હદથી વધી જનાર પણ છેવટે એમનો આશરો લે છે ને એમની પાછળ ચાલનાર એમની સાથે થઇ જાય છે, એ લોકો અંધારૂં દુર કરવા માટે દીવો, હિકમતના વહેણ, વિદ્યાનું જીવન ને અજ્ઞાનતાનું મોત છે, એમની સહનશિલતા એમની વિદ્યાને જાહેર કરે છે ને એમનું માન એમના સુભાષકપણાની

સાબીતી આપે છે, એ લોકો સત્યનો વિરોધ ને તેમાં મતાંતર કરતા નથી, માટે સત્ય એમની વચ્ચે ફેંસલો કરનાર ને ખરો સાક્ષી છે.

૬૩૪ એહલેબૈત (અ૦ સ૦)ની સગાઇને જોતાં કોઇ માણસ એમની બરાબર નથી, ને જે લોકો ઉપર હંમેશાંથી એમના ઉપકાર ચાલુ છે તે એમની સાથે શી રીતે સમાન હોઇ શકે!

**સ મા પ્ત**

ામાઝ

# નમાઝ

## (હનફી)

## (સમજુતી અને તરજુમા સાથે)

આખા દિવસમાં પડવાની પાંચ વખતની નમાઝો નીચે પ્રમાણે છેઃ—

ફજરનીઃ—

સુન્નતઃ ૨, રકાત પછી ફરજઃ ૨—રકાત.

ઝોહરનીઃ—

સુન્નતઃ ૪, રકાત પછી ફરજઃ ૪—રકાત, પછી સુન્નતઃ ૨ રકાત.

અસરનીઃ—

ફરજ ૪, રકાત.

મગરિબનીઃ—

ફરજઃ ૩, રકાત પછી સુન્નતઃ ૨—રકાત.

ઇશાનીઃ—

ફરજઃ ૪, રકાત પછી સુન્નતઃ ૨—રકાત, પછી વીત્રઃ ૩—રકાત.

ઉપર લખેલી દરેક વખતની રકાતો પડવી જરૂરી છે, એમાંની કોઇપણ નમાઝ છોડવાથી ગુન્હો થાય છે.

નમાઝ પડવામાં ઘણી જ સહેલી છે દર રકાત દીઠ આસરે એક મીનીટ જેટલો માત્ર વખત લાગે છે.

**ફરઝ, સુન્નત, અને વીત્ર**માં સહેજસાજ ફરક છે, એક વખત શીખી લીધા પછી બધું સહેલ છે.

નમાઝ શરૂ કર્યા પહેલાં વઝુ કરવું જોઇએ. કે જે વાજીબ છે. વઝુ કરી લઇને નમાઝ પડવા કિબ્લા તરફ મોઢું કરી ઉભા રહેવું; અને જે વખતની જે નમાઝ જેટલી રકાતની પડવી હોય તેની નિય્યત કરવી. જેમકે 'હુ **આજની ફજરની સુન્નત નમાઝ બે રકાત અલ્લાહના વાસ્તે પડું છું.' 'અલ્લાહો અકબર'** કહેતાં પોતાના બન્ને હાથ કાનની લવ સુધી લઇ જઇને પછી ડુંટીની નીચે લાવી, જમણા હાથથી ડાબા હાથનો પોંચો પકડી હાથ બાંધે (નમાઝ શરૂ થઇ) અને નીચે મુજબ પડે.

(તરજુમો)

(૧) 'સુબ્હાનકલ્લાહુમ્મા વબેહમ્દેકા વ તબારકસ્મોકા વ તઆલા જદ્દોકા વલા એલાહા ગૈરોકા'

(૧) તારી સ્તુતીની સાથે ઓ અલ્લાહ! તારી પાકી બયાન કરૂં છું; અને તારૂં નામ ઘણી ખુબીનું છે; અને તારી અઝમત(મોટાઇ)ઊંચી છે, અને તારા વગર કોઇ બંદગીને લાયક નથી.

(૨) 'અઊઝો બિલ્લાહે મિનશ્શય તાનિર્રજીમ'

(૨) બચાવ લઉં છું અલ્લાહના નામની સાથે, ધુતકારેલ શયતાનથી.

(૩) 'બિસ્મિલ્લાહિર્રહમા નિર્રહીમ'

(૩) શરૂ કરૂં છું ઘણો મહેરબાન-ઘણો રહમકરનાર અલ્લાહના નામથી.

(૪) 'અલહમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન, અર્રહમા નિર્રહીમ—માલેકે યવમિદ્દીન, ઇય્યાક નઅબોદો વ ઇય્યાક નસ્તઇન, એહદે નસ્સેરાતલ મુસ્તકીમ, સેરાતલ લઝીના અનઅમ્ત અલયહિમ; ગયરિલ મગહુબે અલયહિમ વલદ્દો આલ્લીન'

(૪) સઘળી તારીફ દુન્યાઓના પાલનકર્તા અલ્લાહને માટેજ છે, જે મહેરબાની અને દયા કરનાર છે; અને ન્યાયના દીવસનો (કયામતનો) ધણી છે. અમે તારીજ બંદગી કરીએ છીએ: અને તારી જ મદદ માંગીએ છીએ. અમને સીધા માર્ગ ઉપર કાયમ રાખ, એવા લોકોના માર્ગ ઉપર કે જેમને તેં ન્યામતોથી નવાજ્યા છે, અને તેમના માર્ગ ઉપર નહિ કે જેઓ તારા કોપને પાત્ર થયા છે; અને તેઓનાં માર્ગ ઉપર પણ નહિં કે જેઓ અવળે રસ્તે (ભટકી) ગયા છે.

(૫) આમીન.

(૫) યા (અલ્લાહ) એમજ થાઓ.

તે પછી કોઇપણ એક સુરા પડવી. (અહીં 'બિસ્મિલ્લાહ, પડવાની નથી.) જેમકે,

(૬) 'કુલહોવલ્લાહો અહદ, અલ્લાહુસ્સમદ, લમ્યલિદ વ લમ્યુલદ વ લમ્યકુલ્લહુ કોફોવન અહદ.'

(૬) કહે, અલ્લાહ એકજ છે; અલ્લાહ બેનિયાઝ (સ્વતંત્ર) છે, તેણે કોઇને જન્મ આપ્યો નથી, અને તેણે કોઇના પેટે જન્મ લીધો નથી. કોઇ તેનાં બરોબર નથી, તે એકલો જ છે.

આટલું પડહી લઇને તરત હાથ છુટા કરી

(૭) 'અલ્લાહો અકબર' કહેતાં રૂકુમાં જવું અને એજ હાલતમાં ૩ વખત

(૭)અલ્લાહ સૌથી મ્હોટા છે

(૮) 'સુબ્હાન રબ્બિયલ અઝીમ' કહેવું અને તે પછી

(૮) પવિત્રતાઇ મારા મહાન રબ (પરવરદીગાર) ને માટે.

(૯) 'સમેઅલ્લાહો લેમન હમેદહ'

(૯) જેણે અલ્લાહની હમ્દ કરી તેની વાત તેણે (અલ્લાહ પાકે) સાંભળી (કબુલ કરી)

કહેતાં ઉભા થઇ જવું અને કહેવું

(૧૦)'રબ્બના લકલ હમ્દ'

(૧૦) સઘળી તારીફ પરવરદીગારને માટે છે.

તે પછી 'અલ્લાહો અકબર' કહેતાં સિજદામાં જવું, અને ૩ વખત

(૧૧) 'સુબ્હાન રબ્બિયલ આલા' કહી તે પછી 'અલ્લાહો અકબર' કહેતાં

(૧૧) પાકી છે મારા પરવરદીગાર ઉંચી પદવીવાળાને.

બેસવું. તે પછી વળી 'અલ્લાહો અકબર' કહેતાં બીજી વખત સિજદામાં જવું અને ઉપર મુજબ ૩ વખત 'સુબ્હાન રબ્બિયલ આલા' કહીને તે પછી 'અલ્લાહો અકબર' કહેતાં ઉભા થઇને પહેલી રકાતની જેમ હાથ બાંધી લેવા.

અને પહેલી રકાતની જેમ 'અલહમ્દો' ની સુરા પડવી તે પછી કોઇપણ બીજી એક સુરા પડવી જેમકે, 'કુલહો વલ્લાહો અહદ' ની સુરા પડવી રહ્યા પછી પહેલી રકાતની જેમ હાથ છુટા કરી 'અલ્લાહો અકબર' કહેતાં રૂકુમાં જવું અને રૂકુમાં ૩ વખત 'સુબ્હાન રબ્બિયલ અઝીમ' કહી રહ્યા પછી 'સમેઅલ્લાહો લેમન હમેદહ' કહેતાં ઉભા થઇ જવું અને કહેવું, 'રબ્બના લકલ હમ્દ.' તે પછી 'અલ્લાહો અકબર' કહેતાં સિજદામાં જવું અને પહેલી રકાતની જેમ ૩ વખત 'સુબ્હાન રબ્બિયલ આલા' કહી તે પછી 'અલ્લાહો અકબર' કહેતાં સીધા થઇ પહેલી રકાતની માફક બેસવું. તે પછી વળી 'અલ્લાહો અકબર' કહેતાં બીજી વખત સિજદામાં જવું અને ૩ વખત 'સુબ્હાન રબ્બિયલ આલા' કહીને પછી 'અલ્લાહો અકબર' કહેતાં પહેલી રકાતની જેમ સીધા થઇ ગુંઠણુ પર હાથ રાખી બેસવું અને નીચે પ્રમાણે 'અત્તહીય્યાત' પડવું.

(તરજુમો)

(૧૨) 'અત્તહીય્યાતો લિલ્લાહે વસ્સલવાતો વત્તય્યેબાતો અસ્સલામો અલયકા ઐયોહન્નબીયો વ રહમતુલ્લાહે વ બરકાતોહ. અસ્સલામો અલૈના વઅલા ઇબાદિલ્લા હિસ્સાલેહીન. અશહદો અલ્લાએલાહા

(૧૨) સર્વ બંદગી ઝબાનની અલ્લાહ માટે છે; અને સર્વ બંદગી બદનની તથા સર્વ બંદગી પવિત્ર માલની અલ્લાહ માટે છે. સલામ તારા પર થાઓ, ઓ નબી ! અને અલ્લાહની રહમત તથા તેની બરકત થાઓ ! સલામતી અમારા પર તથા સર્વ સારા,

ઇલ્લ-લ્લાહો વ અશ્હદો અન્ન મોહમ્મદન અબ્દોહુ વ રસુલોહ.'

અલ્લાહના બંદાઓપર થાઓ. હું સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાય કોઇ બંદગીને લાયક નથી; અને હું સાક્ષી આપું છું કે મોહમ્મદ સ૦ અ૦ વસલ્લમ તેનો બંદો છે, અને તેનો રસુલ છે

ત્યાર બાદ આ 'દરૂદે ઇબ્રાહીમ' પડવું

(૧૩) 'અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહમ્મદિંવ વઅલા આલે મોહમ્મદીન કમા સલ્લૈનઅલા ઇબ્રાહીમ વ અલા આલે ઇબ્રાહીમ ઇન્નકા હમીદુમ મજીદ, અલ્લાહુમ્મ બારેક અલા મોહમ્મદિંવ વ અલા આલે મોહમ્મદીન કમાબારકતા અલા ઇબ્રાહીમ વ અલા આલે ઇબ્રાહીમ ઇન્નક હમીદુમ મજીદ.'

(૧૩) ઓ અલ્લાહ! તું ખાસ રહમત મોહમ્મદ પર તથા મોહમ્મદની આલ ઉપર મોકલ, જેવી કે તેં ખાસરહમત ઇબ્રાહીમ પર તથા ઇબ્રાહીમની આલ પર મોકલી છે. ખચિત તું સ્તુત્ય બુઝુરગી વાળો છે. ઓ અલ્લાહ! તું બરકત આપ મોહમ્મદને તથા મોહમ્મદની આલને જેવી કે તેં બરકત આપી ઇબ્રાહીમને તથા ઇબ્રાહીમની આલને. બેશક તું સ્તુતિપાત્ર બુઝુરગી વાળો છે.

તે પછી આ દોઆ પડવી.

(૧૪) 'અલ્લા હુમ્મ-ગફિરલી વલે વાલેદૈય વલે

(૧૪) ઓ અલ્લાહ! તું મારા ગુન્હાની માફી કર, અને મારા માબાપની

જમીઇલ મોઅમેનીન વલ મોઅમેનાતે વલ મુસ્લેમીન વલ મુસ્લેમાતે અલ અહ્યાએ મિન્હુમ વલ અમવાત.'

અને તમામ ઇમાનવાળા પુરૂષો અને સ્ત્રીઓની, તેઓમાંના જીવતાંઓની અને મરેલાંઓની (માફી કર).

તે પછી પોતાની જમણી તરફ મોં ફેરવતો સલામ કહે કે

(૧૫) 'અસ્સલામો અલયકુમ વ રહ્મતુલ્લાહ' તે પછી પોતાની ડાબી તરફ મોં ફેરવતો એજ શબ્દો કહે કે 'અસ્સલામો અલયકુમ વ રહ્મતુલ્લાહ' અને સલામ ફેરવતી વખતે ફરિશ્તાઓ ઉપર સલામ કરવાની નિય્યત રાખે. આ બે રકાતની નમાઝ પુરી થઈ

(૧૫) સલા મતી થાઓ, અને રહેમત અલ્લાહ પાકની.

જો ચાર રકાતવાળી નમાઝ પડતા હોવ તો બે રકાત ઉપર મુજબ પડી લઇ બેસીને **અત્તહીય્યાતો લિલ્લાહે'** એ પુરૂં પડહી લઇ, (દરૂદે ઇબ્રાહીમ તથા છેલ્લી દોઆ પડહયા વગર) **'અલ્લાહો અકબર'** કહેતાં ઉભા થઇ હાથ બાંધીને પહેલી બે રકાતોની જેમ તેજ રીતે **'અલહમ્દો'** તથા કોઇપણ એક સુર જેમકે **'કુલ્હો વલ્લાહો અહદ'**

પડી લીધા પછી રૂકુમાં જવું અને ઉપરની રીતેજ પડહવું. પછી બે સિજદા કરીને વળી ચોથી રકાત માટે 'અલ્લાહો અકબર' કહેતાં ઉભા થતાંજ હાથ બાંધી લઇ અલ્હમ્દો તથા કોઇપણ એક સુર પડહી રૂકુ, સિજદા કરીને 'અત્તાહીય્યાતો' પુરૂં પડહી તે પછી 'દરૂદે ઇબ્રાહીમ' અને છેલ્લી 'દોઆ' એ બધું પુરૂં પડવું. અને જમણી ને ડાબી તરફ સલામ ફેરવી નમાઝ પુરી કરવી. બેઉ તરફ સલામ ફેરવવાથી નમાઝ પુરી થાય છે.

૩ રકાતવાળી મગરિબની ફરેઝ તથા ૩ રકાતવાળી રાતની વીત્ર નમાઝમાં પણ બે રકાતો પડી લીધા પછી બેસીને 'અત્તાહીય્યાતો' આખું પડી લઇ 'અલ્લાહો અકબર' કહેતાં ઉભા થઇ હાથ બાંધી લેવાં અને બાકીની એક રકાત પડીને બેસી જવું અને 'અત્તાહીય્યાતો' અને 'દરૂદે ઇબ્રાહીમ' અને 'દોઆ' એ બધું પુરૂં પડીને સલામ ફેરવવા એટલે નમાઝ પુરી થઇ.

વિત્ર નમાઝમાં સહેજ ફરક એ છે કે વીત્ર નમાઝની બે રકાત પડી, બેસીને 'અત્તાહીય્યાતો' આખું પડી લઇ 'અલ્લાહો અકબર' કહેતાં ઉભા થઇ હાથ બાંધી રીત મુજબ 'અલહમ્દો' આખું પડી, પછી બીજી સુર પડીને તે ખતમ થતાંજ, 'અલ્લાહો અકબર' કહેતાં હાથ ઉંચા કરી કાનની લવ સુધી લઇ જઇને 'અલ્લાહો અકબર'

શબ્દ પુરો કરતાં પાછા હાથ નીચા લાવી બાંધી લેવા અને નીચે મુજબ દોઆએ કુનુત પડવીઃ—

દોઆએ કુનૂત આ છેઃ—

(૧૬) 'અલ્લાહુમ્મ ઈન્ના નસ્તઈનોકા વ નસ્તગફ્રેરોકા વ નોઅમેનો બેકા વ નતવક્કલો અલૈક વ નુષની અલૈકલ ખૈરા વ નશકોરોકા વલા નકફોરોકા વ નખ્લઓ વ નતરોકો મંય યફ્જોરોક, અલ્લાહુમ્મા ઈય્યાકા નઅબોદો વ લકા નોસલ્લી વ નસજોદો વ એલૈકા નસઆ વ નહફેદો વ નરજુ રહમતકા વ નખ્શા અઝાબકા ઈન્ન અઝાબકા બિલ કુફ્ફારે મુલહેક.'

(૧૬) ઓ અલ્લાહ ! અમો તારાથી મદદ માગીએ છીએ, અને તારાથી બખ્શીશ (ગુન્હાઓની માફી) માંગીએ છીએ, અને તારા પર ઇમાન લાવીએ છીએ, અને તારા પર ભરોસો રાખીએ છીએ, અને તારી ભલી તારીફ (પ્રશંસા) કરીએ છીએ, અને તારો ઉપકાર માનીએ છીએ, અને તારા અનુપકારી અમો થતા નથી, અને જે તારી નાફરમાની કરે તેથી અમો દુર થઇએ છીએ—છોડીએ છીએ. ઓ અલ્લાહ ! અમો તારીજ બંદગી કરીએ છીએ અને તારેજ માટે નમાઝ અને સિજદો કરીએ છીએ, અને તારીજ તરફ દોડીએ છીએ, અને સેવામાં હાજર થઇએ છીએ; અને તારી રહમતની આશા કરીએ છીએ અને

તારા અઝાબથી ડરીએ છીએ.
બેશક તારો અઝાબ કાફરોને
લાગનાર છે.

આ દોઆ પડી લીધા પછી 'અલ્લાહો અકબર' કહેતાં રૂકુમાં જવું અને ચાલુ રીતેજ રૂકુ, સિજદા કરી, બેસીને 'અત્તાહીય્યાતો અને દરૂદે ઈબ્રાહીમ અને દોઆ'

બધું પુરૂં પડીને સલામ ફેરવવી.

**સુન્નત** અને **ફરજ** નમાઝમાં એ ફરક છે કે **ફરજ** નમાઝ જો ૩ **અથવા** ૪ રકાતવાળી હોય તો તેમાં ૩ જી અને ૪ થી રકાતમાં **'અલહમ્દો'** પડી લેવું. બીજી કોઇ સૂર પડવાની નથી; જયારે **સુન્નત** નમાઝ વાળી દરેક રકાતે **'અલહમ્દો'** પડીને બીજી કોઇ **સૂર** પડવી જોઇએજ.

**—સમાપ્ત—**